આજનો સુવિચાર

ધનથી સુખ સુવિધા પ્રાપ્ત કરી શકાય છે પરંતુ શાંતિ ફકત સારા કર્મોથી જ મળે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૩૦૩ જૂનાગઢ તા.૯-૧૨-૨૦૨૧ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

લોકસભામાં સ્વ.જનરલ બિપીન રાવતને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ

સ્થાનીક લોકોએ હેલિકોપ્ટરમાં આગ લાગતા જોઈ હતી : રાજનાથસિંહનું લોકસભામાં સત્તાવાર નિવેદન

નવી દિલ્હી તા. ૯

ગઈ કાલે તામિલનાડુ કન્નુરનાં જંગલોમાં દેશનાં પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવત સહિત ૧૩ વ્યકિતને લઈ જતું MI-17V5 હેલિકોપ્ટર ક્રેશ થઈ જતા તેમાં સવાર જનરલ બિપીન રાવત સહિત ૧૩ વ્યકિતનાં મોત થઈ જવાના ઘટનાક્રમમાં દેશનાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આજે લોકસભામાં સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું છે કે, ગઈકાલે ૧૧.૪૮ કલાકે દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટરે સુલુરથી ઉડાન ભરી હતી અને ૧૨.૦૮ કલાકે એટીસી સાથે તેનો સંપર્ક તુટી ગયો હતો. સ્થાનીક લોકોએ હેલિકોપ્ટરમાં આગ લાગેલી જોઈ હતી. તપાસ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને બનાવની ઝીણવટભરી તપાસ કરી રહી છે તેમ જણાવતા રાજનાથસિંહે કહયું કે, હું દેશનાં પ્રથમ CDS જનરલ બિપીન રાવત અને તેમના ધર્મપત્ની મધુલીકા રાવત સહિતનાં તમામ દેશનાં વિર સપૂતોનાં નિધનથી દુ:ખ અને આઘાતની લાગણી વ્યકત કરૂ છું. સંરક્ષણ મંત્રીનાં નિવેદન બાદ લોકસભાનાં સ્પીકર ઓમ બિરલાએ પણ તમામ ૧૩ શહિદોનાં નામ લઈને તેમને લોકસભામાં શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. આ દુર્ઘટનામાં એક માત્ર બચી ગયેલા ગ્રુપ કેપ્ટન વરૂણસિંહ હાલમાં મીલીટ્રી હોસ્પીટલમાં સારવાર હેઠળ છે અને તેમને લાઈફ સપોર્ટીંગ સીસ્ટમ ઉપર રાખવામાં આવ્યા છે.

દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટરનું બ્લેક બોકસ અને FDR મળી આવ્યું : તપાસ શરૂ

વેલિંગ્ટન તા. ૯

ગઈકાલે બપોરે તામિલનાડુનાં કન્નુરનાં જંગલમાં દેશનાં પ્રથમ સીડીએસ જનરલ રાવતને લઈ જતાં MI-17V5 હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું આ હેલિકોપ્ટરનું બ્લેક બોકસ અને ફલાઈટ ડેટા રેકોર્ડર FDR મળી આવ્યા છે. આ બંને ઉપકરણોને તપાસ માટે લઈ જવામાં આવ્યા છે. હેલિકોપ્ટર તુટી પડયું તેની છેલ્લી ક્ષણોમાં હેલિકોપ્ટરનાં પાયલોટે શું વાતચીત કરી અને છેલ્લી ક્ષણોની વિગતો સચવાયેલી હોય છે જેના ઉપરથી આ દુર્ઘટના કેવી રીતે સર્જાઈ તેની વિગતો બહાર આવી શકશે. એરફોર્સ દ્વારા સમગ્ર ઘટનાની કોર્ટ ઓફ ઈન્કવાયરીનો આદેશ આપી દેવામાં આવ્યો છે અને તપાસ ચાલુ થઈ ગઈ છે.

રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિતનાં મહાનુભાવોએ શ્રધ્ધાંજલી અર્પણ કરી

નવી દિલ્હી તા. ૯

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન મોદી, રાજનાથસિંહ, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સહિત અનેક મહાનુભાવોએ CDS બિપિન રાવતના નિધન ઉપર દુ:ખ વ્યક્ત કર્યુ છે.

વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરીને લખ્યુ કે, જનરલ રાવત દેશના ખૂબ સારા સૈનિક હતા. સેનાના આધુનિકરણમાં તેમનો મોટો ફાળો છે. જનરલ રાવતના નિધન ઉપર દુખી છુ. દેશ તેમના યોગદાનને ક્યારેય નહીં ભુલે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ટ્વીટ કર્યુ કે, "જનરલ બિપિન રાવત અને તેમની પત્ની મધુલિકાજીના અકાળ અવસાનથી આઘાતમાં અને દુઃખી છુ. દેશે તેનો એક બહાદુર પુત્ર ગુમાવ્યો છે. માતૃભૂમિ માટે તેમની ચાર દાયકાની નિઃસ્વાર્થ સેવા અસાધારણ શૌર્ય અને બહાદુરીથી ચિહ્નિત હતી. તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ ટ્વીટ કરીને કહ્યું કે જનરલ રાવતે અસાધારણ હિંમત અને સમર્પણ સાથે દેશની સેવા કરી. પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે, તેમણે આપણા સશસ્ત્ર દળોની સંયુક્તતા માટે યોજના તૈયાર કરી.

સ્વ. બિપીન રાવતનાં પાર્થિવ દેહને આજે દિલ્હી લવાશે : આવતીકાલે અંતિમ સંસ્કાર

નવી દિલ્હી તા. ૯

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ CDS બિપિન રાવત અને તેમનાં પત્નીના પાર્થિવદેહને આજે દિલ્હી લાવવામાંઆવશે. આવતીકાલે ૧૦ ડિસેમ્બરના રોજ તેમના અંતિમસંસ્કાર કરાશે. તામિલનાડુના કુન્નુરમાં થયેલી હેલિકોપ્ટર દુર્ઘટના બાદ એરફોર્સ ચીફ વીઆર ચૌધરી ઘટનાસ્થળે પહોંચી ગયા છે. તેમણે સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કર્યુ અને સ્થાનિક અધિકારીઓ પાસેથી દુર્ઘટના અંગે માહિતી મેળવી હતી.

તામિલનાડુના કુન્નુરનાં જંગલોમાં બુધવારે બપોરે ૧૨:૨૦ વાગ્યે સેનાનું MI-17V5 હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં દેશના પહેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત, તેમનાં પત્ની સહિત ૧૩ લોકોનાં મોત થયાં છે.

દેશનાં નવા CDS કોણ બનશે ? આર્મી ચીફ નરવણેની દાવેદારી સૌથી મજબુત

નવી દિલ્હી તા. ૯

જનરલ રાવતના આકસ્મિક નિધનથી તેમની જગ્યાએ કોણ? કોણ સંભાળી શકે છે દેશની ત્રણેય સેનાની કમાન? દેશની સુરક્ષાની મહત્ત્વની જવાબદારી કોના ખભા ઉપર હશે?

બિપિન રાવતના નિધનથી સરકાર અને દેશ બંને આઘાતમાં છે, પરંતુ સવાલ દેશની સુરક્ષાનો છે. આ દુર્ઘટના પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંજે લગભગ ૬:૩૦ વાગ્યે સુરક્ષા બાબતે કેબિનેટ કમિટી (CCS)ની બેઠક કરી હતી, જેમાં ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ સહિત આ કમિટીના સભ્યો સામેલ થયા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મીટિંગમાં બિપિન રાવતની જગ્યાએ નવા CDSના નામ અંગે ચર્ચા થઈ. સિનિયોરિટી રીતે આર્મી ચીફ એમ.એમ. નરવણેની દાવેદારી સૌથી મજબૂત જોવા મળી રહી છે.

કેન્દ્ર સરકારનાં નવા પ્રસ્તાવનો ખેડૂતોએ સ્વીકાર કર્યો : આજે કિસાન આંદોલન સમાપ્ત થઈ જશે ?

નવી દિલ્હી તા. ૯

કૃષિ કાયદાઓ રદ થવા છતા ખેડૂત આંદોલન ચાલુ હતું. ખેડૂતો MSP સહિત વિવિધ મુદ્દાઓને લઈને ચાલુ રાખ્યુ હતુ. ત્યાર બાદ આ તમામ મુદ્દે કેન્દ્રસરકારે ખેડૂતોને પ્રસ્તાવ મોકલ્યો હતો. જે થોડા આંતરિક મતભેદો બાદ ખેડૂત સંગઠનોએ તેનો સ્વિકારી કરી લીધો છે. જેને લઈને આજે બપોરે સંયુક્ત કિસાન મોર્ચા સહિત અન્ય ખેડૂત સંગઠનોની બેઠક મળશે અને બેઠક બાદ આંદોલનની પૂર્ણાહુતિની ઔપારિક જાહેરાત કરવામાં આવી શકે છે. સંયુક્ત કિસાન મોર્ચાની સિંઘુ બોર્ડર ઉપર આજે બપોરે ૧૨ વાગ્યે ફરીથી બેઠક થશે.

એસકેએમ ભારત સરકારથી આજે મળેલી સુધારેલી દરખાસ્ત સાથે સહમત છે. ખેડૂતો MSP મુદ્દે ગેરંટી, ખેડૂતો સામે કેસ પાછા ખેંચવા સહિતના મુદ્દાઓનો હલ કાઢવામાં માટે સરકાર તૈયાર થઈ ગઈ હતી અને ત્યારબાદ સરકારે ખેડૂત સંગઠનોને તેનો પ્રસ્તાવ મોકલ્યો હતો.

કોંગ્રેસની હાલત થાકેલા યોધ્ધા જેવી : TMC જ અસલી કોંગ્રેસ

કોલકાતા, તા.૯ : કોંગ્રેસ અને મમતા બેનરજીની પાર્ટી ટીએમસી વચ્ચેનુ ઘમાસાણ વધુ ઉગ્ર બની રહ્યુ છે અને તેના કારણે બંને પક્ષો વચ્ચેના મતભેદો પણ વધી રહ્યા છે. ટીએમસીના પ્રમુખ અને પ. બંગાળના સીએમ મમતા બેનરજીએ તાજેતરમાં જ મુંબઈના પ્રવાસ દરમ્યાન કહ્યુ હતુ કે, હવે કોંગ્રેસ સમર્થિત ગઠબંધન યુપીએનુ અસ્તિત્વ રહ્યુ નથી. બીજી તરફ પાર્ટીએ પોતાના મુખપત્ર જાગો બાંગ્લામાં પણ હવે લખ્યુ છે કે, ટીએમસી જ અસલી કોંગ્રેસ છે. કોંગ્રેસ પાર્ટીની હાલત યુધ્ધમાં થાકેલા યોધ્ધા જેવી થઈ ગઈ છે. મુખ્ય વિપક્ષી પાર્ટી તરીકે સંસદમાં જે પણ કરવુ જોઈએ તે માટે સક્ષમ રહી નથી. યુધ્ધ કરીને થાકી ચુકેલી કોંગ્રેસ પાર્ટી વિખેરાઈ રહી છે. હવે ભાજપ સામે ટીએમસી જ મુખ્ય વિપક્ષી પાર્ટી બની ચુકી છે. માટે ટીએમસી જ અસલી કોંગ્રેસ છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૯.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ ઉપચાર કેન્દ્ર

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૯૦૭૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂ. ૫૫૦૦* થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

બેસનની દુનિયાનો બેતાજ બાદશાહ

સ્વસ્તિક - સુપર- લિબર્ટી

ચુનીભાઈ રાખોલીયા

સ્વસ્તિક પ્રોટીન્સ ઈન્ડસ્ટ્રીઝ

જય ભવાની ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ-૨ જીઆઈડીસી-૨ની સામે, રાજકોટ રોડ, સાબલપુર, જૂનાગઢ - ૩૬૨ ૦૦૭ ફોન : ઓ. ૨૬૬૦૦૮૯

મો. ૯૮૨૫૨ ૦૯૦૪૪, ૯૮૨૫૩ ૧૬૬૯૦, ૯૮૨૫૩ ૧૬૬૮૯

: ઉત્પાદક :

સ્વસ્તિક બ્રાન્ડ બેસન-લિબર્ટી બ્રાન્ડ બેસન - સુપરબ્રાન્ડ બેસન તેમજ અન્નપૂર્ણા બ્રાન્ડ સિલ્કી તથા મોટી ચણાદાળનાં ઉત્પાદક

જૂનાગઢના તળાવ દરવાજા વિસ્તારમાં લોંગ લીઝથી જગ્યા આપવાની છે

કોર્પોરેટ ઓફિસ - ટ્યુશન કલાસીસ
બેંક - કંપની શોરૂમ લાયક

● બે માળની ૨૫૦૦ સ્કવેર ફુટ જગ્યા ● ૧૫ ફુટ હાઈટ

કમ્પ્લીટ ફર્નિચર, એ.સી. વગેરે સુવિધા સાથે

સંપર્ક : ૯૫૮૬૫ ૪૧૫૫૫

metro BRANDS

GLOBAL BRANDS. NATIONAL FOOTPRINT.

66 YEARS OF METRO — One of India's largest footwear speciality retailers**

598 stores across 136 cities* Operated stores with a total retail business area of 7,34,217 sq. ft.

Omnichannel presence

3rd largest in number of exclusive retail outlets in India in fiscal 2021**

www.metrobrands.com

METRO SHOES | MOCHI | crocs | WALKWAY

*As of September 30, 2021. **(Source: CRISIL Report)

Metro Brands Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC on December 03, 2021 and thereafter with SEBI and the Stock Exchanges. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Ambit Private Limited, DAM Capital Advisors Limited (Formerly IDFC Securities Limited), Equirus Capital Private Limited, ICICI Securities Limited and Motilal Oswal Investment Advisors Limited at www.axiscapital.co.in, www.ambit.co, www.damcapital.in, www.equirus.com, www.icicisecurities.com and www.motilaloswalgroup.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "Risk Factors" on page 29 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "Securities Act") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act, "Rule 144A") in transactions exempt from, or not subject to, registration requirements of the Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S under the Securities Act and pursuant to the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

ક્રેશ થયેલા હેલિકોપ્ટરમાં સીડીએસ સવાર હતા

રાવતના આક્રમક વલણથી ચીન-પાકિસ્તાન ડરતા હતા

લશ્કરના વડા હતા ત્યારે રાવતનું વલણ આક્રમક રહેતું : સંરક્ષણના દરેક મુદ્દા ઉપર સ્પષ્ટ અભિપ્રાય રજૂ કરતા હતા

નવી દિલ્હી, તા.૯

સીડીએસ બિપિન રાવત ગઈકાલે ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર સાથે દિલ્હીથી એક કાર્યક્રમમાં ભાગ લેવા સુલુરથી વેલિંગ્ટન જઈ રહ્યા હતા. આ દરમ્યાન તેમનું વિમાન કુન્નૂરમાં ક્રેશ થયું છે. દુર્ઘટના સમયે હેલિકોપ્ટરમાં ૧૪ લોકો સવાર હતા. અત્યાર સુધીમાં ૧૧ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. બિપિન રાવત વિશે અત્યાર સુધી જે માહિતી સામે આવી રહી છે તેમાં કહેવામાં આવી રહ્યું છે કે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વિશ્વ તેમના વલણથી પરિચિત છે. તે કરે છે, ત્યારે બહારના દળો દ્વારા ઘણીવાર પાકિસ્તાન અને ચીન વિશે કડક નિવેદનો આપી ચૂક્યા છે. સીડીએસ રાવત જ્યારે આર્મી ચીફ હતા ત્યારે પણ તેમનું સ્ટેન્ડ ભડકાઉ હતું. પાકિસ્તાન તેના નામથી ડરે છે.

સરદાર પટેલ એક ઉત્કૃષ્ટ સ્વપ્નદ્રષ્ટા હતા જેમણે ભારત અને ચીન વચ્ચે સ્વતંત્ર તિબેટને 'બફર કન્ટ્રી' (બે દુશ્મન દેશો વચ્ચેસ્થિત અને પ્રાદેશિક સંઘર્ષને અટકાવતો નાનો દેશ) તરીકેની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તત્કાલીન વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂ સાથેના તેમના પત્રવ્યવહારમાં આ જોઈ શકાય છે. ઈતિહાસ એ હકીકતનો સાક્ષી છે કે જ્યારે પણ કોઈ દેશ તેના સશસ્ત્ર દળોની અવગણના તેનું વધુને વધુ શોષણ થાય છે. તેમણે કહ્યું કે ૧૯૫૦ના દાયકામાં ભારતે ઈતિહાસના આ મહત્વપૂર્ણ પાઠને નજરઅંદાજ કર્યો અને સુરક્ષા તંત્ર ડૂબવા લાગ્યું અને ત્યાર બાદ જ ૧૯૬૨માં ચીને દેશને હચમચાવી નાખ્યો.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે કહ્યું હતું કે ભારતને આશંકા છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન આવવાનું છે અને તેના માટે ભારતે પહેલેથી જ 'આકસ્મિક યોજના' તૈયાર કરી લીધી છે. સીડીએસ જનરલ બિપિન રાવતે જાહેરમાં કહ્યું છે કે ભારત અફઘાનિસ્તાનની પરિસ્થિતિ માટે તૈયાર છે અને જો ત્યાંની સ્થિતિ ભારતને અસર કરે છે તો ભારત તેના માટે પણ તૈયાર છે. જે રીતે આતંકવાદ સામે લડવામાં આવ્યો છે તે જ રીતે લડવામાં આવશે.

જૂન મહિનામાં પાકિસ્તાની સૈનિકોએ ઘણી વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. જે બાદ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે કહ્યું કે જો પાકિસ્તાન શાંતિ ઈચ્છે છે તો યુદ્ધવિરામ લાંબા સમય સુધી ચાલશે. તે બંને દેશો માટે સારૂં રહેશે. ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે જણાવ્યું હતું કે વર્ષોથી વ્યાપક યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયું છે, જ્યાં માત્ર નાના હથિયારો જ નહીં પરંતુ ઉચ્ચ કેલિબર હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. યુદ્ધવિરામ ભંગને કારણે પાકિસ્તાની સેનાના રક્ષણાત્મક માળખાને ભારે નુકસાન થયું છે. તેના સૈનિકોને જાનહાનિ થઈ છે.

તત્કાલિન આર્મી ચીફ બિપિન રાવતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને લઈને મોટું નિવેદન આપ્યું હતુ. બિપિન રાવતે કહ્યું કે જમ્મુ-કાશ્મીરની વાત કરીએ તો તેમાં પીઓકે અને ગિલગિટ બાલ્ટિસ્તાન પણ સામેલ છે. પાકિસ્તાનનું નામ લીધા વિના, આર્મી ચીફે કહ્યું કે પીઓકે એ ગેરકાયદેસર કબજા હેઠળનો વિસ્તાર છે, જેના પર અમારા પશ્ચિમી પડોશીઓએ ગેરકાયદેસર રીતે કબજો કર્યો છે. બિપિન રાવતે કહ્યું હતું કે પાકિસ્તાને જે વિસ્તાર પર ગેરકાયદેસર કબજો જમાવ્યો છે તે વિસ્તાર પાકિસ્તાન નહીં પરંતુ આતંકવાદીઓ દ્વારા નિયંત્રિત છે. પીઓકે આતંકવાદીઓ દ્વારા નિયંત્રિત દેશ છે. આ સાથે તેણે કહ્યું, 'હું સૈનિકોને આશ્વાસન આપું છું કે તેઓને આ વર્ષના અંત સુધીમાં વિશ્વની શ્રેષ્ઠ અમેરિકન રાઈફલ મળશે.'

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે કહ્યું છે કે પાકિસ્તાન ભારતનો નંબર વન દુશ્મન નથી પરંતુ ચીન છે. બિપિન રાવતે જણાવ્યું હતું કે, વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારતનું પ્રાથમિક ધ્યાન ડી-એસ્કેલેશન પહેલા ડી-એસ્કેલેશન છે કારણ કે ચીન અમારો નંબર વન દુશ્મન છે, પાકિસ્તાન નહીં. રાવતે કહ્યું કે આવનારા સમયમાં ભારતને બે મોરચે દુશ્મનોનો સામનો કરવો પડી શકે છે.

સીડીએસ જનરલ રાવતે થોડા દિવસો પહેલા નિવેદન આપ્યું હતું કે ચીન પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હિંસા ફેલાવવા માટે પાકિસ્તાનને સૈન્ય ઉપકરણો આપી રહ્યું છે. પાકિસ્તાનને ચીનનું સતત સમર્થન એ સ્પષ્ટ ભારત વિરોધી વલણ છે. સીડીએસ મ્યાનમારમાં ચીનનું વારંવાર રોકાણ એ દેશમાં ભારતના પ્રભાવને ઘટાડવાનો પ્રયાસ છે, જે પૂર્વોત્તર રાજ્યો માટે ખતરો છે કારણ કે તેઓ દેશ સાથે મજબૂત સંબંધો ધરાવે છે. સીડીએસ જનરલ રાવતે કહ્યું કે ૨૦૩૦ સુધીમાં ચીન, ભારત, જાપાન, તુર્કી અને ઈન્ડોનેશિયા વિશ્વની ટોચની દસ અર્થવ્યવસ્થાઓની યાદીમાં સામેલ થઈ જશે.

નવી દિલ્હીમાં આયોજિત રાયસિના ડાયલોગ ૨૦૨૦ને સંબોધિત કરતી વખતે, જનરલ રાવતે પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે આતંકવાદને પ્રોત્સાહન આપતા દેશોને આતંકવાદ વિરોધી સંગઠન એએફટીએફ દ્વારા બ્લેકલિસ્ટ કરવાની અને રાજદ્વારી રીતે અલગ કરવાની જરૂર છે. કાશ્મીરની સ્થિતિનો ઉલ્લેખ કરતા જનરલ રાવતે કહ્યું હતું કે ઘાટીમાં ૧૦ અને ૧૨ વર્ષના છોકરા-છોકરીઓ કટ્ટરપંથી બની રહ્યા છે, જે ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે આ લોકોને ધીરે ધીરે કટ્ટરવાદથી મુક્ત કરી શકાય છે.

હેલિકોપ્ટર તૂટી પડ્યું જેમાં સીડીએસ રાવત હતા

રાવતના નેતૃત્વમાં ભારતે પાક. ઉપર સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી

રાવત આર્મીમાં ઉંચાઈ ઉપર જંગ લડવા અને કાઉન્ટર ઈમરજન્સી ઓપરેશનમાં નિષ્ણાત તરીકે જાણીતા હતા

નવી દિલ્હી, તા.૯

તમિલનાડુના કુન્નૂર ખાતે ગઈકાલે સેનાનું એક હેલિકોપ્ટર ક્રેશ થયું જેમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત અને તેમના પત્ની સહિત ૧૪ લોકો સવાર હતા.

- બિપિન રાવત આર્મીમાં ઉંચાઈ ઉપર જંગ લડવા અને કાઉન્ટર ઈમરજન્સી ઓપરેશન એટલે કે, જવાબી કાર્યવાહીના એક્સપર્ટ તરીકે જાણીતા.
- ૨૦૧૬ના વર્ષમાં ઉરી ખાતે સેના કેમ્પ ઉપર થયેલા આતંકવાદી હુમલા બાદ આર્મી ચીફ જનરલ બિપિન રાવતના નેતૃત્વમાં ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ પાકિસ્તાનમાં આતંકવાદી શિબિરો ધ્વંસ્ત કરવા માટે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. બિપિન રાવતે ટ્રેન્ડ પેરા કમાન્ડોના માધ્યમથી તેને અંજામ આપ્યો હતો.
- ઉરી ખાતે સેનાના કેમ્પ અને પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર થયેલા હુમલામાં અનેક જવાનો શહીદ થયા ત્યાર બાદ સેનાએ સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી.
- આર્મી સર્વિસ દરમ્યાન તેમણે એલઓસી, ચીન બોર્ડર અને નોર્થ ઈસ્ટ ખાતે લાંબો સમય વિતાવ્યો.
- બિપિન રાવતે કાશ્મીર ઘાટીમાં પહેલા નેશનલ રાઈફલ્સમાં બ્રિગેડિયર અને બાદમાં મેજર જનરલ તરીકે ઈન્ફેન્ટ્રી ડિવિઝનની કમાન સંભાળી.
- સાઉથ કમાન્ડની કમાન સંભાળીને તેમણે પાકિસ્તાનને અડીને આવેલી પશ્ચિમી સરહદે મિકેનાઈઝ્ડ વોરફેરની સાથે સાથે એરફોર્સ અને નેવી સાથે વધુ સારો તાલમેલ કર્યો.
- ચાઈનીઝ બોર્ડર પર બિપિન રાવતે કર્નલ તરીકે ઈન્ફેન્ટ્રી બટાલિયનની કમાન સંભાળી.
- બિપિન રાવતને ઈન્ડિયન મિલિટ્રી અકાદમીમાં (આઈએમએ) 'સ્વોર્ડ ઓફ ઓનર' વડે નવાજવામાં આવેલા.
- રાવત ચીફ ઓફ સ્ટાફ કમિટીના અધ્યક્ષ ઉપરાંત ભારતીય સેનાના ૨૭મા સેનાધ્યક્ષ તરીકે પણ કાર્ય કરી ચુક્યા છે.
- બિપિન રાવતનો જન્મ ૧૬ માર્ચ, ૧૯૫૮ના રોજ ઉત્તરાખંડના પૌડી ખાતે ગઢવાલી રાજપૂત પરિવારમાં થયો હતો. તેમણે ૧૯૭૮ના વર્ષમાં આર્મી જોઈન કરી હતી. ૨૦૧૧માં તેમણે ચૌધરી ચરણ સિંહ યુનિવર્સિટી ખાતેથી મિલિટ્રી મીડિયા સ્ટડીઝમાં પીએચડીની ડિગ્રી મેળવી હતી.
- બિપિન રાવતે ૦૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ આર્મીના વાઈસ ચીફનું પદ સંભાળ્યું અને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ઈન્ડિયન આર્મીના ૨૬મા ચીફની જવાબદારી મળી. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ તેઓ ભારતના પ્રથમ સીડીએસ તરીકે નિયુક્તિ પામ્યા. બિપિન રાવતે ૦૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સીડીએસનો પદભાર ગ્રહણ કર્યો.

યુ.એ.ઇ.ના ઉદ્યોગ રોકાણકારોને વાયબ્રન્ટ સમિટમાં સહભાગી થઇ ગુજરાતના વિકાસ રોલ મોડેલની પ્રત્યક્ષ અનુભૂતિ કરવા સીએમ ભૂપેન્દ્ર પટેલનું નિમંત્રણ

દુબઈના ઉદ્યોગ-વેપાર અગ્રણીઓ સમક્ષ ગુજરાતના હોલીસ્ટીક ડેવલપમેન્ટ રોલ મોડેલની વિશદ છણાવટ કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગના ત્રિવેણી સંગમથી ગુજરાત વિશ્વના મૂડીરોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યું છે. લોજિસ્ટિક્સની સુવિધાઓ, સક્રિય નીતિ નિર્માણ અને રોકાણકારો માટે સાનુકૂળ વાતવરણને પરિણામે ૨૦૨૧માં સમગ્ર ભારતમાં સૌથી વધારે વિદેશી રોકાણ એફ.ડી.આઈ. ગુજરાતે મેળવ્યું છે.

દસમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ અંતર્ગત દુબઈની દ્વિ-દિવસીય મુલાકાતના પ્રથમ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આયોજીત રોડ-શો દરમ્યાન અગ્રણી ઉદ્યોગપતિઓને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રી બુધવારે સવારે દુબઈ પહોંચ્યા હતા અને ગુજરાત પ્રતિનિધિ મંડળ સાથે તેમણે વર્લ્ડ એક્સ્પોની મુલાકાતથી દુબઈ પ્રવાસનો આરંભ કર્યો હતો. ભૂપેન્દ્ર પટેલ સમગ્ર દિવસ દરમ્યાન યુએઈના બે મંત્રીઓ તેમજ ૮ જેટલા અગ્રણી ઉદ્યોગ રોકાણકારોને વન ટુ વન બેઠકમાં મળ્યા હતા. મુખ્યમંત્રીએ સાંજે ઓબેરોય હોટલમાં આયોજિત રોડ શો દરમ્યાન કહ્યું કે, ગુજરાત ભારતના સૌથી વધુ ઈન્ડસ્ટ્રીયલ અને અર્બનાઈઝ્ડ ઈકોનોમી ધરાવતા રાજ્યોમાંનું એક રાજ્ય છે અને સામાજિક-આર્થિક વિકાસના વિવિધ ક્ષેત્રોમાં નેશનલ લીડર બન્યું છે. ધોલેરા એસઆઈઆર, ગિફ્ટ સીટી, વિશ્વનો સૌથી મોટો હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રિન્યુએબલ એનર્જી પાર્ક જેવા સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના વિકાસ ઉપર ગુજરાતે ભાર મૂક્યો છે. ભૂપેન્દ્ર પટેલે આ ત્રણેય પ્રોજેક્ટ્સની વિસ્તૃત છણાવટ કરી આવા ફ્યુચરિસ્ટિક પ્રોજેક્ટ્સના પાયામાં ગુજરાતને વર્લ્ડક્લાસ ઈન્ફ્રાસ્ટ્રકચરથી સજ્જ બનાવવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને માર્ગદર્શન રહેલા છે તેમ ઉમેર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે વિકાસના રોલ મોડેલ સ્ટેટ તરીકે મેળવેલી આ પ્રતિષ્ઠાની પ્રત્યક્ષ અનુભૂતિ કરવા યુ.એ.ઈ.ના ઉદ્યોગ-વેપાર અગ્રણીઓને વાયબ્રન્ટ સમિટ-૨૦૨૨માં સહભાગી થવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત અત્યારે કેટલાક નોંધપાત્ર સ્ટાર્ટઅપ્સનું કેન્દ્ર છે. ગુજરાતમાં ઈક્યુબેશન કેન્દ્રો, આઈકિએટ વિગેરે દ્વારા એક એવી સફળ ઈકોસિસ્ટમ વિકસી છે જેમાં ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન મળે છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત-સેલ્ફ રિલાયન્ટ ભારત માટેનું આહવાન કર્યું છે. ગુજરાત ઔદ્યોગિક, કૃષિ, સામાજીક, માળખાકીય એમ સર્વગ્રાહી વિકાસથી આત્મનિર્ભર બની ''આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'' માટે પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ની થીમ પણ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત રાખવામાં આવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત યુ.એ.ઈ. માટે ભારતનું પ્રવેશદ્વાર છે અને ભારતમાં યુએઈનું પ્રવેશદ્વાર બનવા માટે એકદમ તૈયાર છે. યુએઈમાં રહેતા ૩૫ લાખ ભારતીયો બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા અને તેમના વિકાસ માટે મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. વૈશ્વિક સ્તરે રહેતા ભારતીય સમુદ્યયોમાં ગુજરાતીઓની સંખ્યા સૌથી વધુ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વિશ્વના કોઈપણ ખૂણે વસતા ગુજરાતીઓની પ્રગતિ અને જે-તે સ્થળના વિકાસમાં તેમના યોગદાનથી સમગ્ર ગુજરાત ગૌરવ અનુભવે છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ભારત અને યુએઈનો સમૃદ્ધ ઈતિહાસ છે અને બંનેના સંબંધો સદીઓ જૂના છે. આ સંબંધ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને હિઝ હાઈનેસ ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથેની તેમની મિત્રતાથી વધુ મજબૂત બન્યો છે. મુખ્યમંત્રીએ હિઝ હાઈનેસ ક્રાઉન પ્રિન્સે અબુધાબીમાં બીએપીએસ મંદિર અને સાંસ્કૃતિક કેન્દ્રનું નિર્માણ કરવા માટે જમીન દાનમાં આપી છે તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ પહેલ ભારત-યુ.એ.ઈ.ના મજબૂત સંબંધ અને મિત્રતાનું આગવું ઉદાહરણ છે. મુખ્યમંત્રીએ આ રોડ-શોમાં ઉપસ્થિત રહેલા દુબઈના અગ્રણી ઉદ્યોગ-રોકાણકારોને ગુજરાતની વિકાસયાત્રામાં ભાગીદાર બનવા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨માં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું તેમજ સૌને ગુજરાત સરકારના પૂરતા સહયોગની ખાતરી પણ આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અને પ્રેરણાથી નિર્માણ પામેલી પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા પણ મુખ્યમંત્રીએ ઉપસ્થિતોને નિમંત્રણ આપ્યું હતું. અગ્રણી ઉદ્યોગ-વેપારકારોએ ગુજરાત અને ભારતમાં પોતાના વ્યાપાર-કારોબારને મળી રહેલી સરળતા અને પ્રોત્સાહક અભિગમના અનુભવો વર્ણવ્યા હતા.

ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાએ વાયબ્રન્ટ સમિટ-૨૦૨૨ની વિશેષતાઓ અને આત્મનિર્ભર ભારતની પ્રધાનમંત્રીની સંકલ્પનાને અનુરૂપ વાયબ્રન્ટના આયોજનની વિશેષ ભૂમિકા આપી હતી. આસોચેમના નેશનલ પ્રેસિડેંટ વિનિત અગ્રવાલે સ્વાગત પ્રવચન અને ઈન્ડેક્ષ-બીના ચેરમેન નિલમ રાનીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ રોડ શોમાં ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, યુએઈ ખાતેના ભારતીય રાજદૂત તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને અગ્રણી ઉદ્યોગકારો જોડાયા હતા.

વિવાહમાં થેલેસેમિયા બાળકો માટે રકતદાન કેમ્પ યોજી નોખી ભાત પાડતો તાલાલાનો કાનાબાર પરીવાર

(નિતીન વસાણી દ્વારા)

રાજકોટ તા.૯

તાલાલામાં લોહાણા સમાજના કાનાબાર પરિવારે લગ્ન અને યજ્ઞોપવિત પ્રસંગે થેલેસેમીયા બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પ યોજી રકતદાન મહાદાનની પંક્તિઓને સાર્થક કરી પ્રસંગને દિપાવ્યો હતો. લોહાણા મહાજનવાડી તાલાલા(ગીર) ખાતે રૂગનાથભાઈ વાલજીભાઈ કાનાબારને ત્યાં લગ્ન તથા યજ્ઞોપવિતના પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પનું અનોખું આયોજન શ્રી લોહાણા મહાજન તાલાલા, રઘુવંશી યુવા સોશ્યલ ગ્રુપ, મારૂતિ હનુમાન ચાલીસા મંડળ તાલાલાની વિવિધ સેવાકીય સંસ્થાઓના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું અને કાનાબાર પરિવારના વરરાજા આનંદ તથા યજ્ઞોપવિત ધારણ કરનાર આયુષ ભરતભાઈ તથા દેવાંગ નિતિનભાઈએ પણ રકતદાન મહાદાન અભિયાન અંતર્ગત બ્લડ ડોનેશન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સગા સંબંધીઓએ મળીને કુલ ૪૦ યુનિટ બ્લડ ડોનેશન થયું હતું.

બ્લડકલેક્શન માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-રાજકોટ તથા વેરાવળથી ગીર-સોમનાથ રેડક્રોસના ચેરમેન કિરીટ ઉનડકટ, પરાગ ઉનડકટ, ભગવાન સોનૈયા તથા અનિષ રાચ્છ ઉપસ્થિત રહ્યા હતા. બ્લડ ડોનેશનના કાર્યક્રમનાને સમાજમાં પ્રેરણાદાયક ગણાવી લોકોએ બિરદાવી રહ્યા હતા. આ કેમ્પના સંકલનમાં રેડક્રોસના સભ્ય અને તાલાલા મહાજન પ્રમુખ યોગેશભાઈ ઉનડકટનું મહત્વનું યોગદાન રહ્યું હતું અને તેઓએ કાનાબાર પરીવારની લગ્નામાં સેવાકીય સુવાસ પ્રસરાવવા બદલ બીરદાવ્યા હતા તેમ તાલાલાના રઘુવંશી આગેવાન નિતીનભાઈ છગે એક યાદીમાં જણાવ્યું હતું.

આજે ૯ ડિસેમ્બર - 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ'

સમગ્ર વિશ્વમાં ૯ ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ'ની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં ભ્રષ્ટાચાર અને તેના નાબૂદી માટે જાગૃતિ ફેલાવવાનો છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દિવસની ઉજવણીની જાહેરાત ૩૧ ઓકટોબર, ૨૦૦૩ના રોજ કરી હતી. જોકે, તેનું અનુકરણ ડિસેમ્બર, ૨૦૦૫થી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, તમામા સકારી-ખાનગી, બિન-સરકારી સંસ્થાઓ અને નાગરિક સંગઠનો ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડવાનો સંકલ્પ લે છે.

'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)' તથા 'ડ્રગ અને અપરાધ ઉપર સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલય' આ કાર્યક્રમને યોજતી વિશેષ સંસ્થાઓ છે. સંયુક્ત રાષ્ટ્ર કહે છે કે, ભ્રષ્ટાચાર પ્રત્યે અસહિષ્ણુતા વધી છે. ભ્રષ્ટાચારમાં રાજકારણીઓ અને અધિકારીઓની વધતી જતી સંખ્યા આ બાબતનો પુરાવો છે અને તેમને દોષી ઠેરવીને સજા કરવામાં આવી રહી છે. ભ્રષ્ટાચાર એ એક એવો મુદ્દો છે કે જે વિશ્વના દરેક દેશોને અસર કરે છે. તે નૈતિકતાની અંખડિતતા અને પ્રમાણિકતાનો અભાવ દર્શાવે છે. જે નૈતિક રીતે થતા કાર્યોમાં પણ કોઈની પ્રમાણિકતા કે વફાદારીનો વિનાશ કરી શકે છે. તે એવા લોકોનો ઉલ્લેખ કરે છે કે જે જેઓ અપ્રમાણિક લાભ માટે પોતાની સત્તા અને વિશ્વાસનો ગેરઉપયોગ કરે છે. ભ્રષ્ટાચાર લોકશાહીને નબળી કરે છે, સરકારને અસ્થિર બનાવે છે અને દેશોને આર્થિક ધોરણે પાછળ ધકેલે છે. ભ્રષ્ટાચાર વિવિધ સ્વરૂપે આવે છે. જેમ કે લાંચ લેવી, પરિણામોમાં યોગ્ય વ્યવહાર કર્યા વિના કાયદાનો ભંગ કરવો, ચૂંટણી પ્રક્રિયા અને પરિણામોમાં અયોગ્ય રીતે સુધારા કરવા કે ભુલોને છુપાવવી અને વ્હીસલ બ્લોઅર્સને ચુપ કરવા.

લેખન: ડો. સચિન જે. પીઠડીયા-માંગરોળ

ખંભાળિયામાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

જામ ખંભાળિયા તા.૯

ગર્ભસ્થ શિશુના જાતિ પરિક્ષણ અટકાવવા અને સમાજમાં પુરૂષ અને સ્ત્રીનું પ્રમાણ સમતોલ જળવાઈ રહે તે હેતુથી ભારત સરકાર પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ અધિનિયમનું ક્ષતિરહિત પાલન થાય તે માટે સામાજિક કાર્યકર ડો. કાશ્મિરાબેન રાયઠઠ્ઠાના અધ્યક્ષસ્થાને જિલ્લા સલાહકાર સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લામાં નોંધાયેલ સોનોગ્રાફી સેન્ટરો રીન્યુઅલ રજીસ્ટ્રેશન, સોનોગ્રાફી મશીનોના રજીસ્ટ્રેશન તેમજ સોનોગ્રાફી સપ્લાય કરનાર ડીસ્ટ્રીબ્યુટર અને ડીલરોના રજીસ્ટ્રેશન માટે મળેલ અરજીઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા સોનોગ્રાફી સેન્ટરોની સ્થળ તપાસણી અંગે રજૂ કરાયેલા અહેવાલો ધ્યાને લઈ, સોનોગ્રાફી સેન્ટર ખાતે એક્ટના અમલીકરણ તેમજ જિલ્લાના જાતિ પ્રમાણ દર બાબતે સમિક્ષા કરવામાં આવી હતી. ઉપરોક્ત કાયદા અન્વયે નોંધાયેલા સરકારી-બિનસરકારી ડોકટરોને પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ હેઠળની જોગવાઈઓ તથા નિયમોના ચૂસ્તપણે અમલીકરણ કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા એડવાઈઝરી સમિતિના સભ્યો, ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રાજ સુતરીયા સાથે ખંભાળિયા, કલ્યાણપુર અને ભાણવડ તાલુકાના સબ ડિસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી અને તાલુકા હેલ્થ ઓફીસર પણ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢમાં જુગાર દરોડો : ત્રણ ઝડપાયા

જૂનાગઢ તા. ૯

જૂનાગઢમાં એ ડીવીઝન પોલીસો જુગાર અંગે દરોડો પાડતા ત્રણ શખ્સોને રૂા. ૩૦૬૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા તાલુકાની નાની ધણેજ ગ્રામ પંચાયત સમરસ બની, મધુબેન જુંજીયા બિનહરીફ સરપંચ થયા

ગામમાં સમરસ ગ્રામ વાડી, પાકા રસ્તા, સહિતના વિકાસના કામો કરાશે : ૧૪૦૦ની વસ્તી ધરાવતું નાની ધણેજ ગામ અગાઉ ૭ વખત સમરસ થઈ ચૂકયુ છે : ગામમાં ઘેર ઘેર નળ કનેકશન, પ્લેવર બ્લોક, શૌચાલય સહિતની સુવિધાથી સજ્જ : ધો.૮ પાસ મધુબેન ગામની મહિલાઓને સશકત બનાવશે

જૂનાગઢ, તા.૯

ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાનાર હોય જેને લઈને ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા છે. જો કે, જૂનાગઢ જિલ્લાના અનેક ગામો સમરસ થયા છે. માળીયા તાલુકાની નાની ધણેજ ગ્રામ પંચાયત સમરસ થઈ છે. ગામ લોકો દ્વારા મધુબેન જૂંજીયાને ગામના બિનહરીફ સરપંચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૪૦૦ની વસ્તી ધરાવતું નાની ધણેજ ગામ પેવર બ્લોક, ઘેર-ઘેર નળ કનેકશન શૌચાલય સહિતની સુવિધાથી સજ્જ છે.

૪૨ વર્ષના મધુબેન ૮ ધોરણ પાસ છે અને ઘરકામ, પંચાયત સમરસ થતા ઓફિસ તેમજ લોકોને પીવાનું ખેતી કામ સાથે સંકળાયેલા છે. મધુબેનના સાસુ પણ મહિલા મંડળો સાથે સંકળાયેલા છે.

મધુબેને જણાવ્યું હતું કે, ગ્રામ રૂા.૪,૭૫,૦૦૦ જેટલી જે રકમ સરકાર તરફથી મળશે તેનાથી ગામમાં સમરસ ગ્રામ વાડી, પાકા રસ્તા, ગ્રામ પંચાયતની નવી તેમજ ખેડૂતને સિંચાઈનું પાણી મળી રહે તે માટેના વિકાસના કામો કરવામાં આવશે. આ ઉપરાંત મધુબેને જણાવ્યું હતું કે, હું ૮ ધોરણ પાસ છું પણ મહિલાઓ આગળ વધે અને પ્રગતિ કરે તે માટે ગામની મહિલાઓને સશકત બનાવવામાં આવશે. અને ગામમાં સખી મંડળો, મહિલા યોજના સહિતમાં મહિલાઓને સહભાગી બનાવવામાં આવશે. માળીયા તાલુકાનું નાની ધણેજ ગામ અગાઉ ૭ વખત સમરસ ગ્રામ પંચાયત થઈ ચુકયું છે. જ્યારે આ ગામમાં અત્યાર સુધી ૪ વખત ચૂંટણી થઈ છે. ત્યારે સૌના સહકારથી હવે ફરી વખત નાની ધણેજ ગ્રામ પંચાયત સમરસ થઈ છે.

જૂનાગઢમાં યુવક-યુવતીઓ માટે તા.૨ જાન્યુઆરીના યોજાશે ૩૬મી અખિલ ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા

૧૪મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા તા.૯ ફેબ્રુઆરીના યોજાશે

પ્રવેશપત્ર તા.૧૦ થી તા.૨૪/૧૨/૨૦૨૧ સુધી સ્વીકારવામાં આવશે : સ્પર્ધાના સુચારૂ આયોજન અંગે બેઠક યોજાઈ

જૂનાગઢ,તા.૯

જૂનાગઢમાં ૩૬મી અખિલ ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા તા.૨/૧/૨૦૨૨ અને ૧૪મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા તા.૯/૨/૨૦૨૨ના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા યોજાશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો તા.૧૦/૧૨/૨૦૨૧ થી તા.૨૪/૧૨/૨૦૨૧ સુધી સ્વીકારવામાં આવશે.

રાજ્યના સાહસિક યુવક-યુવતીઓ માટે ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન જૂનાગઢ ગિરનાર ખાતે થનાર છે. આ સ્પર્ધાના સુચારૂ આયોજન અંગે કલેકટર કચેરી જૂનાગઢ ખાતે અધિક કલેકટર એલ.બી.બાંભણીયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. કલેકટર કચેરીના સભાખંડ ખાતે ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાના સુચારૂ આયોજન અને સંચાલન અંગે બેઠક યોજાઈ હતી. જેમાં સ્પર્ધાની તારીખ, વિભાગો, સ્પર્ધા અંતર અને સમય સહિતની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સ્પર્ધા માટે અધિકારીઓના અધ્યક્ષસ્થાને ઉદ્ઘાટન-ઈનામ વિતરણ સમિતિ, પ્રચાર-પ્રસાર અને સંપર્ક સમિતિ, પરીણામ સમિતિ, નિવાસ અને કાર્યાલય સમિતિ, મેડીકલ અને ભોજન સમિતિની રચના કરવામાં આવી હતી. વધુમાં કોવિડ-૧૯ના સંક્રમણની સાવચેતીના ભાગરૂપે આરોગ્ય વિભાગને તકેદારી રાખવા અંગે સૂચના આપવામાં આવી હતી.

જાણીતી સેવાભાવી સંસ્થા

શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃતિને વધુ પ્રોત્સાહીત કરવા માસીક અનુદાન યોજનામાં જોડાવા અપીલ

જૂનાગઢ, તા.૯

જૂનાગઢ શહેરમાં ખુબજ નાના પાયેથી સેવાકીય પ્રવૃતિ શરૂ કરનાર શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલાના માર્ગદર્શન હેઠળ આ સંસ્થા દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિ કરવામાં આવી રહી છે. જરૂરીયાતમંદ લોકોને સહાયભુત થવાના મુખ્ય ઉદેશ સાથે સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને આયુર્વેદીક હોસ્પીટલમાં દાખલ થયેલા દર્દીઓને સરબત વિતરણ, ફ્રુટ વિતરણ, નાના બાળકોને બિસ્કીટ વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત દર મહિનાના પહેલા રવિવારે જરૂરીયાતમંદ લોકોને અનાજ વિતરણ કરવામાં આવે છે. તેમજ દવા સહાય તથા મેડીકલ સાધનોની સહાય અપાઈ છે. આ ઉપરાંત નિદાન કેમ્પો તેમજ રામ નવમીના તહેવાર નિમિત્તે શોભાયાત્રામાં પાણી અને સરબત વિતરણ થાય છે. આ ઉપરાંત પ્રતિ વર્ષ સર્વજ્ઞાતિ વિદ્યાર્થી સન્માન, મહિલા કાનુની શિક્ષણ શિબીર, સાતમ આઠમ અને દશેરાના તહેવારો નિમિત્તે મીઠાઈ, ફરસાણનું વિતરણ, બ્લડ ડોનેશન કેમ્પ, નબળા વિદ્યાર્થીઓને રાહતદરે ફુલસ્કેપ ચોપડાનું વિતરણ, અનાથ દિકરીઓને મદદ કરવી, બાળ રમત-ગમત સ્પર્ધા તેમજ ગરીબ પરીવારોને જુના નવા કપડા વિતરણ અને ગરીબ પરીવારના લાભાર્થે મહિલા સત્સંગ, દર વર્ષે મહિલા સંસ્થાઓનું સન્માન, શ્રેષ્ઠ વ્યકિતઓને મા ખોડીયાર એવોર્ડથી નવાજવા અને જનરલ નોલેજની સ્પર્ધાત્મક પરીક્ષા તથા સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. આ તમામ સેવાકીય પ્રવૃતિ કોઈપણ જાતના ભેદભાવ વિના કરવામાં આવે છે. હાલ મોંઘવારીનો આ કપરો સમય ચાલી રહ્યો છે ત્યારે આ સેવાકીય સંસ્થાને પણ અનુદાનની જરૂરછે અને જેથી સેવાકીય પ્રવૃતિને વધુ વેગવાન બનાવી શકાય. રૂા.૧૦થી શરૂ કરીને દર મહિને રકમ જમા કરાવી શકો છો. આ સેવાકીય કાર્યોમાં આપ પણ જોડાઈ અને અમારી આ સંસ્થાને મદદ કરવા માટેની માસીક અનુદાન યોજનામાં જોડાવા સંસ્થાના પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલાએ અનુરોધ કરેલ છે. વધુ વિગત માટે મો.નં.૯૪૨૮૫ ૯૨૯૦૭નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

ભુતનાથ ગ્રાઉન્ડ ઉપર કારપેન્ટર એસોસીએશન દ્વારા ત્રિદિવસીય કારપેન્ટર મેળાનું આયોજન

જૂનાગઢ, તા.૯

કારપેન્ટર વેલફેર એસોસીએશનના પ્રમુખ શશીભાઈ રાવતની યાદીમાં જણાવાયું છે કે, સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વખત ભુતનાથ ગ્રાઉન્ડ જૂનાગઢ ખાતે કારપેન્ટર મેળાનું આયોજન થવા જઈ રહ્યું છે તેમના ઉદ્ઘાટના કાર્યક્રમમાં રાજયના માજી કેબીનેટ મંત્રી અને ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ કીરીટભાઈ પટેલ અને મેયર ધીરૂભાઈ ગોહેલ ખાસ ઉપસ્થિત રહેશે. આ મેળા પ્રદર્શનમાં ફર્નિચર, કીચનવે, હાર્ડવેરને લગતી વસ્તુઓનું પ્રદર્શન યોજાશે જેમાં ૫૦થી વધુ એકઝીબીટર ભાગ લઈ રહ્યા છે. જૂનાગઢના આંગણે જયારે આવો ફેર યોજાઈ રહ્યો હોય ઉત્સાહ છવાયો છે. આ કારપેન્ટર મેળો તા.૧૭/૧૨/૨૦૨૧થી ૧૯/૧૨/૨૦૨૧ એમ ત્રિદિવસીય યોજાશે જેનો સમય સવારે ૯:૩૦થી રાત્રીના ૮:૩૦ સુધીનો રહેશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમ ઉપર સંધ્યાનું અનુપમ મનોહર દ્રશ્ય, સાક્ષાત ઈશ્વરનાં દર્શન

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વાર)

પ્રભાસ પાટણ, તા.૯

ભારતના બાર જયોર્તિલીંગ પ્રથમ ભગવાન સોમનાથ તીર્થધામનું પવિત્ર ત્રિવેણી સંગમ કે જયાં હિરણ-સરસ્વતી અને કપિલા નદી સાગરમાં વિલય થાય છે તેવા ત્રિવેણી સંગમના ઘાટ દિવસભર વિવિધ ધાર્મિક વિધીઓ, નદીના નીરમાં દોડતી નૌકાઓ, યાત્રિકો, પ્રવાસીઓ દ્વારા વિદેશથી ખાસ શિયાળામાં આવેલા મહેમાન યાયાવર પક્ષીઓને ચણ નાખવું અને કલબલાટ એવોએ કિનારા અને સરીતાના સૂર્યાસ્તને સોમનાથ સંસ્કૃત પાઠશાળાના અધ્યાપક શાસ્ત્રી મિલન પંડયાએ પોતાના કેમેરામાં કલીક કરી છે તે અદભૂત અને નયનરમ્ય દ્રશ્ય અને કિનારા-નદીની નિઃરવ શાંતિ આકાશમાં વેરાયેલ સૂર્યાસ્તના સંધ્યા રંગોની વિશાળ રંગોળી નદીના શાંત પડેલા જળમાં વિદાય લેતા સૂર્યના ઝળહળતા કિરણો અને કયારેક શાંત જળમાં ઉઠતા પાણીની લહેર અને સાવ સુમસામ બનેલા કિનારા ઉપરના ઘાટ ઉપર મહેમાન પક્ષીઓ ચકરાવો લાગવી ઘુમતા નજરે ચઢે છે અને દિવસભર નદીમાં ઘુમતી નૌકા

પણ આરામ કરે છે તેવા શાંત વાતાવરણમાં અદ્ભુત સાંજનો અનુભવ, અનુભૂતિ થાય અને એ મનોહર સંધ્યાકાળ, સૂર્યાસ્ત પ્રકૃતિ દર્શન સાથે મનોમન ઈશ્વરના દર્શનની અનુભૂતિ થાય તો પ્રવાસીઓને દિવસભરની ચહલપહલ અને સંધ્યા સમય જોઈ કદાચ કહી પણ ઉઠે વોહ.. શામ ભી.... અજીબ.. હૈ... યે શામ.. ભી... અજીબ હૈ... આ ત્રિવેણી તીર્થ સર્વોત્તમ તીર્થ છે જેના જળકાંઠે ભગવાન શ્રી કૃષ્ણ પણ અહીંથી જ ગોલોકધામ સ્વધામ ગમન કર્યું હતું. શ્રાધ્ધ, અસ્થિ વિસર્જન, પિતૃમોક્ષ કાર્ય સહીત ભાવિકો માટેનું પરમ આસ્થા તીર્થ છે. ત્રિવેણી કાંઠેથી વિવિધ ઘાટ ઉપર ઉડતા કલરવ કરતા પક્ષીઓ સામે ઘુઘવતો સાગર નજદીક જ દેખાતું મોક્ષધામ અને રામ મંદિર અને ભગવાન ભોળાનાથના શિખરની ધજા નિહાળતા જ જીવન ધન્ય બનાવે છે.

Jio-bp અને મહિન્દ્રા ગ્રુપે ઈફઅને લો-કાર્બન સોલ્યુશન્સ માટે એમ.ઓ.યુ. ઉપર હસ્તાક્ષર કર્યા

ઈલેક્ટ્રિક ૩-વ્હીલર માટે બેટરી સ્વેપિંગ ટેક્નોલોજી ઉપર સોલ્યુશન્સ બનાવવાનું સંશોધન કરશે : મોબિલિટી એઝ અ સર્વિસ (MaaS) અને બેટરી એઝ અ સર્વિસ (BaaS) જેવા બિઝનેસ મોડલ્સ અંગે સંશોધન કરશે

મુંબઈ, તા.૯

રિલાયન્સ બીપી મોબિલિટી લિમિટેડ (RBML), જે Jio-bp બ્રાન્ડ નામ હેઠળ કાર્યરત છે અને મહિન્દ્રા ગ્રુપએ આજે ઈફ ઉત્પાદનો અને સેવાઓના નિર્માણ માટે સંશોધન કરવા તેમજ લો-કાર્બન અને પરંપરાગત ઈંધણમાં સાથે મળીને કાર્ય કરી શકાય તેવી શકયતાઓ તપાસવા માટે બિન-બંધનકર્તા એમ.ઓ.યુ. કર્યાની જાહેરાત કરી છે. એમ.ઓ.યુ.માં ઈલેક્ટ્રિક ૩ અને ૪ વ્હીલર્સ, ક્વાડ્રિસાઈકલ અને ઈ-એસસીવી (સ્મોલ કોમર્શિયલ વ્હીકલ - સબ ૪ ટન) સહિતના મહિન્દ્રાના વાહનો માટે Jio-bp દ્વારા ચાર્જિંગ સોલ્યુશન્સના મૂલ્યાંકનનો પણ સમાવેશ થાય છે. આમાં મહિન્દ્રા ગ્રૂપના કેપ્ટિવ ફ્લીટ અને લાસ્ટ-માઈલ મોબિલિટી વાહનોનો સમાવેશ થશે.

ભાગીદારીનો હેતુ ઈફ ઉત્પાદનો અને સેવાઓના ક્ષેત્રોમાં બંને કંપનીઓની શકિતનો લાભ લેવાનો છે. હાલના Jio-bp સ્ટેશનનો ઉપરાંત મહિન્દ્રા ગ્રૂપ અને તેના ચેનલ પાર્ટનર સ્થાનોનું Jio-bp મોબિલિટી સ્ટેશનો અને ઈફ ચાર્જિંગ અને સ્વેપિંગ પોઈન્ટ્સ માટે ઉપયોગમાં લેવા માટે મૂલ્યાંકન કરવામાં આવશે. Jio-bp એ તાજેતરમાં મહારાષ્ટ્રમાં તેનું પહેલું મોબિલિટી સ્ટેશન લોન્ચ કર્યું, જેમાં વિશ્વ-કક્ષાનો રિટેલિંગ અનુભવ પ્રદાન કરવાની સાથે-સાથે ઈફ ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર સહિત બહુવિધ ઈંધણ પસંદગીઓ ઓફર કરવામાં આવી છે. વધુમાં, મોબિલિટી એઝ અ સર્વિસ (MaaS) અને બેટરી એઝ અ સર્વિસ (BaaS) જેવા બિઝનેસ મોડલ્સ અંગે સંશોધન કરવામાં આવશે જેમાં મહિન્દ્રા ગ્રૂપ દ્વારા બનાવેલા વાહનોને Jio-bp ચાર્જિંગ સોલ્યુશન્સ પ્રદાન કરી શકે.

વાહનચાલકો સંભાળજો ! કાર ચલાવવાની આ ભૂલથી કપાઈ શકે છે ૧૦ હજાર રૂપિયાનું ચલણ

નવી દિલ્હી તા.૯

રોડ ટ્રાન્સપોર્ટ નિયમોનું ઉલ્લંઘન જોખમોથી ભરપૂર હોય શકે છે પરંતુ તેનાથી તમને ઘણું આર્થિક નુકશાન પણ થઈ શકે છે. જો તમે માત્ર નશામાં કાર ચલાવતા પકડાવાના દંડની વાત કરો તો તમારે તેના માટે ૧૦ હજાર રૂપિયા ચૂકવવા પડશે. આ માટે તમારૂ ૧૦ હજાર રૂપિયાનું ચલણ કપાઈ શકે છે અથવા તો તમારે ૬ મહિના માટે જેલમાં જવું પડી શકે છે નહીંતર ચલણ કાપવામાં આવશે, તમારે જેલ પણ જવું પડી શકે છે.

જો તમે બીજી વખત નશામાં કાર ચલાવતા પકડાઈ જાવ તો ?

પ્રથમ કિસ્સામાં, ચલણની કિંમત ૧૦હજાર રૂપિયા સુધી હોય શકે છે અને ૬ મહિનાની જેલ થઈ શકે છે પરંતુ જો તમે ફરીથી આવું કરતા પકડાઈ જાઓ છો તો દંડની કિંમત વધીને ૧૫ હજાર રૂપિયા થઈ જાય છે અને જેલની સજા ૬ મહિનાથી વધી જાય છે. બે વર્ષ સુધી બને છે. તમને જણાવી દઈએ કે પહેલા આ માટે માત્ર બે હજાર રૂપિયાના દંડની જોગવાઈ હતી પરંતુ કેન્દ્ર સરકારે તેમાં વધારો કર્યો છે.

ઇન્વોઇસિંગ કેવી રીતે ટાળવું ?

માત્ર ચલણ કે જેલની કિંમત જ નથી, પરંતુ નશાના નશામાં કાર ચલાવીને તમે તમારા અને બીજાના જીવને જોખમમાં મુકો છો. આવી સ્થિતિમાં તેનાથી બચવાનો એક જ રસ્તો છે કે જો તમે નશાની હાલતમાં હોવ તો ક્યારેય વાહન ચલાવશો નહીં. આ તમને તમારું ઈન્વોઇસ કપાત કરવાથી બચાવી શકે છે. ઉપરાંત, તમે નશાના કારણે થતા અકસ્માતથી બચી શકો છો.

પરિવહન નિયમોનું પાલન કરો

આ સિવાય બીજા ઘણા પરિવહન નિયમો છે, જેનું હંમેશા પાલન કરવું જોઈએ. વાહનવ્યવહારના નિયમોનું પાલન કરવાથી તમારા ડ્રાઈવિંગનો અનુભવ બહેતર બને છે એટલું જ નહીં, રસ્તા ઉપરના અન્ય લોકો માટે પણ વધુ સારૂ બને છે. આનાથી અકસ્માતોનું જોખમ ઘટે છે.

મેટ્રો બ્રાન્ડસ લિમિટેડનો આઈપીઓ ૧૦ ડિસેમ્બર ૨૦૨૧ને શુક્રવારે ખુલશે

અમદાવાદ, તા.૯

મેટ્રો બ્રાન્ડસ લિમિટેડ (કંપની)ના આઈપીઓ સાથે સંબંધિત બિડ/ઓફર ૧૦ ડિસેમ્બર ૨૦૨૧ને શુક્રવારે ખુલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ રૂા.૫ની ફેસ વેલ્યુ ધરાવતા ઈકિવટી શરેદીઠ રૂા.૪૮૫થી ૫૦૦ નકકી થઈ છે. બિડ લઘુતમ ૩૦ ઈકિવટી શેર માટે અને પછી ૩૦ ઈકિવટી શરેના ગુણાંકમા થઈ શકશે. ઓફરમાં કંપનીના રૂા.૨૯૫ કરોડના ઈકિવટી શરેનો ફેશ ઈશ્યૂ (ફેશ ઈશ્યૂ) અને વિકેતા શેરધારકો દ્વારા ૨૧,૪૫૦,૧૦૦ ઈકિવટી શરેના વેંચાણની ઓફર સામેલ છે. વેંચાણની ઓફરમાં પ્રમોટર વિકેતા શેરધારકોના ૧૩,૦૧૫,૦૦૦ ઈકિવટી શર, પ્રમોટર ગૃપ વિકેતા શેરધારકોના ૮,૪૨૭,૦૦૦ ઈકિવટી શરે અને અન્ય વિકેતા શેરધારકોના ૮,૧૦૦ ઈકિવટી શરે સામેલ છે. (વેંચાણ માટેની ઓફર), કંપની રૂા.૩,૨૯ કરોડની કુલ રોકડ માટે ૭૩,૧૩૬ ઈકિવટી શરેનું પ્રાઈવેટ પ્લેસમેન્ટ હાથ ધરવા BRLMs સાથે ચર્ચા કરે છે. એ મુજબ, ડ્રાફટ રેડ હેરીંગ પ્રોસ્પેકટસમા જણાવ્યા મુજબ ફેશ ઈશ્યુની સાઈઝ રૂા.૨૫૦ કરોડથી ઘટીને રૂા.૨૪૬.૭૧ કરોડ થઈ જશે. ત્યારબાદ કંપનીએ ફેશ ઈશ્યૂની સાઈઝ રૂા.૨૯૫ કરોડ વધારી છે જે સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સની જોગવાઈ સાથે સુસંગત અને એને આધિન છે. વધારે વિગત મેળવવા રેડ હેરીંગ પ્રોસ્પેકટસના પાના નંબર ૩૬૦ ઉપર ઓફર ઈન્ફોર્મેશનની શરૂઆત જીઓ. રેડ હેરીંગ પ્રોસ્પેકટસ દ્વારા ઓફર થયેલા ઈકિવટી શેરનું લિસ્ટીંગ બીએસઈ અને એનએસઈ ઉપર થશે.

ઘરની બહાર માસ્ક પહેરીને જ જાવ,
આ કોરોના કે ઓમિક્રોન તમારા સગા નહીં થાય !

રાજકારણમાં આવ્યા પછી અંતર આત્માનો અવાજ સંભળાય ખરો ?

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

શહેરી વિસ્તારોની વધુ પડતી વસ્તીને કારણે અસંખ્ય સમસ્યાઓ ઊભી થઈ છે

વિશ્વના ઘણા દેશો હાલમાં શહેરી વિસ્તારોમાં ઝડપથી વધી રહેલી વસ્તીને કારણે સમસ્યાઓનો અનુભવ કરી રહ્યા છે અને સરકાર અને વ્યક્તિ બંનેની ફરજ છે કે આ સમસ્યાઓને દૂર કરવાના માર્ગો શોધે. વધુ પડતી વસ્તી ઘણા મોટા શહેરોમાં ભીડભાડ અને નબળી ગુણવત્તાવાળા આવાસ તરફ દોરી શકે છે. ખરાબ રીતે ગરમ અથવા ભીના આવાસને કારણે નોંધપાત્ર સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે, જેના પરિણામે બ્રોન્કાઈટિસ અથવા ન્યુમોનિયા જેવી બીમારી થઈ શકે છે. ભીડનું બીજું ગંભીર પરિણામ એ વધતો ગુનાખોરીનો દર છે કારણ કે જીવનની નબળી સ્થિતિ ખાસ કરીને યુવાનોને ભયાવહ પગલાં લેવા અને અપરાધ અથવા ડ્રગ્સ તરફ વળવા તરફ દોરી શકે છે. ઉકેલોના સંદર્ભમાં, હું માનું છું કે, સરકાર મોટાભાગે જવાબદાર હોવી જોઈએ. સૌપ્રથમ, તે મહત્વપૂર્ણ છે કે, રાજ્ય તેના તમામ નાગરિકો માટે આવશ્યક આવાસ અને આરોગ્ય સંભાળ પ્રદાન કરે. બીજું, વધુ સામુદાયિક ભાવનાને ઉત્તેજન આપવા અને યુવાનોને શેરીમાંથી દૂર રાખવામાં મદદ કરવા માટે સામુદાયિક પ્રોજેક્ટ્સની સ્થાપના એ એક સારો વિચાર છે. ઉદાહરણ તરીકે, યુવા ક્લબ અથવા કિશોરો માટે સાંજના વર્ગો તેમને વ્યસ્ત રાખશે. અંતે, શહેરના આંતરિક વિસ્તારોની વધુ અસરકારક પોલીસિંગ પણ ફાયદાકારક રહેશે. સ્વાભાવિક રીતે, વ્યક્તિઓએ પણ આ સમસ્યાઓને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. સરકાર ઉપર દબાણ લાવવાનો એક રસ્તો એ છે કે, તેઓ સમસ્યાઓનો ઉકેલ લાવે, દાખલા તરીકે, લોબી કરવા માટે એક્શન ગ્રુપ બનાવીને. સરકાર અને વિનંતી દરમ્યાનગીરી અને પર્યાપ્ત ભંડોળ. તેઓ ગુનાના ઉચ્ચ સ્તરને ઘટાડવાનો પ્રયાસ કરવા અને મદદ કરવા માટે નેબરહુડ વોચ વિસ્તારો પણ બનાવી શકે છે. આથી આ મુદ્દાનો ઉકેલ લાવવા સરકારોના શ્રેષ્ઠ હિતમાં છે. સમસ્યાનો એક સ્પષ્ટ ઉકેલ એ રેલ-આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ છે, જે પરિવહનનું એક સાધન પુરૂ પાડે છે જે ધુમ્મસ પેદા કરતું નથી. આવા રોકાણમાં સાર્વજનિક પરિવહન બંનેનો સમાવેશ થવો જોઈએ, ઉદાહરણ તરીકે, લાઈટ-રેલ અથવા ટ્રેન અને માલસામાનનું રેલ-આધારિત પરિવહન. વધુમાં, ધુમ્મસના જોખમો વિષે લોકોને વધુ સારી રીતે શિક્ષિત કરવા માટે સરકારો જાહેર આરોગ્ય અભિયાનો શરૂ કરી શકે છે, જેમાં જાહેરાતનો સમાવેશ થાય છે. તેથી, તે સ્પષ્ટ છે કે, શહેરી વિસ્તારોમાં વધુ પડતી વસ્તીને કારણે થતી સમસ્યાઓ ખૂબ જ ગંભીર છે. તેમ છતાં જો સરકારો અને વ્યક્તિઓ સામૂહિક જવાબદારી વહેંચે છે, તો પછી કેટલાક ઉકેલો આપવાનું શક્ય બનશે.

ક્રિપ્ટો હોલ્ડર્સને સંપત્તિ જાહેર કરવા હેડલાઈન આપશે સરકાર, સંસદમાં બિલ લાવશે

નવી દિલ્હી તા.૯

દેશમાં ક્રિપ્ટોકરન્સિઝને ટૂંકમાં જ એક ફાઈનાન્શિયલ એસેટ્સ તરીકે જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે અને તેથી સત્તાવાળાઓ આમ કરશે. સંસદના વર્તમાન શિયાળુ સત્રમાં મોદી સરકાર ક્રિપ્ટોકરન્સી બિલને રજૂ કરવા માટે વિચારી રહી છે. જે ક્રિપ્ટોકરન્સીઝમાં રોકાણ કરનારાઓને નવા નિયમોનું પાલન કરવા માટે તેમની એસેટ્સ જાહેર કરવા માટે ડેડલાઈન આપી શકે છે એમ વર્તુળો જણાવે છે. આ નવા બિલમાં ક્રિપ્ટોકરન્સીઝને બદલે ક્રિપ્ટોએસેટ્સ એ રીતે ઉલ્લેખ કરવામાં આવશે એમ પણ તેઓ નામ નહીં આપવાની શરતે જણાવે છે. આ બિલમાં સેન્ટ્રલ બેંક એટલે કે આરબીઆઈની પોતાની ડિજિટલ કરન્સી ઊભી કરવાની યોજના અંગે પણ કોઈ ઉલ્લેખ કરવામાં નહીં આવે એમ તેઓ ઉમેરે છે. નવા નિયમોનો ભંગ કરનારાઓને રૂા.૨૦ કરોડ(૨૭ લાખ ડોલર્સ) અથવા ૧.૫ વર્ષની કેદની સજાની જોગવાઈ હશે એમ વર્તુળો જણાવે છે. સરકાર નાના રોકાણકારોની સુરક્ષા માટે ક્રિપ્ટો એસેટ્સમાં રોકાણ માટે લઘુતમ રકમ પણ નિર્ધારિત કરશે એમ અગાઉ માધ્યમોના અહેવાલોમાં નોંધવામાં આવ્યું છે. આ અંગે જોકે, નાણાં મંત્રાલયના પ્રતિનિધિએ કોઈ ટિપ્પણી કરી નહોતી. ગયા સપ્તાહે નાણાંપ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે, સરકાર અગાઉના બિલ ઉપર ફીથી કામ કરી રહી છે. જેમાં નવા ડેલપમેન્ટ્સને ધ્યાનમાં રાખીને ફેરફાર કરવામાં આવી રહ્યાં છે. અગાઉ સરકારે તમામ ખાનગી ક્રિપ્ટોકરન્સીઝ ઉપર પ્રતિબંધ માટે પ્રસ્તાવ મૂક્યો હતો. તેણીએ ઉમેર્યું હતું કે, બિટકોઈનને દેશમાં કરન્સી તરીકે માન્યતા આપવાનો કોઈ પ્રસ્તાવ નથી. દેશમાં જૂન ૨૦૨૧ સુધીમાં ક્રિપ્ટો માર્કેટ ૬૪૧ ટકા જેટલી વૃદ્ધિ દર્શાવતું હતું એમ ક્રિપ્ટો-એનાલિસિસ ફર્મ ચાઈનાલિસિસ જણાવે છે. સરકાર હવે ડિજિટલ કરન્સીઝમાંથી થયેલા લાભ ઉપર ટેકસ વસૂલવાનું વિચારી રહી છે. હાલમાં ક્રિપ્ટો ટ્રેડિંગ સંપૂર્ણપણે અનરેગ્યુલેટેડ હોવાથી સરકાર તેના ઉપર સખત નિયમો લાગું પાડવાનો ઈરાદો પણ ધરાવે છે. ચાલું મહિનાની શરૂઆતમાં મોદી સરકારે ડિજિટલ કરન્સી અંગે સમીક્ષા બેઠક યોજી હતી જેમાં અનરેગ્યુલેટેડ ક્રિપ્ટો માર્કેટ્સ મની લોન્ડરિંગ અને ટેરર ફાઈનાન્સિંગ માટેની છૂટ આપી શકે નહિ તેને લઈને ચર્ચા થઈ હતી.

ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં અધધ ૫૭૦૦ કરોડનો ખર્ચ છતાં ૫ વર્ષથી નાના ૮૦ ટકા બાળકો હજુ પણ કુપોષીત

અમદાવાદ તા.૯

નેશનલ ફેમિલી એન્ડ હેલ્થ સર્વે મુજબ ગુજરાત ૩૯ ટકા બાળકો એવા છે જેમની ઊંચાઈ ઉંમર મુજબ વધતી અટકી ગઈ છે તેમજ ૪૦ ટકાનો વજન ઉંમર મુજબ ઓછો છે. જ્યાં સુધી લોહીની ઊણપનો પ્રશ્ન છે તો રાજ્યમાં ૮૦ ટકા બાળકો લોહીની ઊણપથી પીડાય છે. ૬ મહિનાથી ૫૯ મહિના સુધીમાં ૩ ટકા સિવિયર એનેમિયા, ૪૯ ટકા મોડેરેટ અને ૨૮ ટકા માઈલ્ડ એનેમિક છે. સૌથી ગંભીર બાબત એ છે કે, પાંચ વર્ષ પહેલા ૬૩ ટકા બાળકો એનેમિક હતા જે વધીને ૮૦ ટકા થયા છે. છેલ્લા બે સર્વેની સરખામણી કરતા સ્થિતિ સુધરવાને બદલે વણસી રહી છે અને ગુજરાત હજુ પણ કુપોષિત છે તેમાં સુધારો આવ્યો નથી. છેલ્લા એક મહિનામાં જન્મેલા બાળકોની જ વાત કરીએ તો ૩૪૨૩૩૩ બાળકોમાંથી ૫૭૧૨૧ એટલે કે ૧૬ ટકાથી વધુ બાળકો જન્મથી કુપોષિત હતા અને ૨૪૭૧૨ બાળકોને અતિકુપોષિતની શ્રેણીમાં મુકાયા છે. તેથી સગર્ભાઓ સુધી પણ વિભાગ પોષણયુક્ત આહાર અને તેનું મહત્ત્વ કરોડો રૂપિયાના ખર્ચ બાદ પણ પહોંચાડી શક્યું નથી. સંસદમાં કુપોષણને લઈને પ્રશ્ન કરાયો હતો કે કયા રાજ્યને કેટલી ફાળવણી કરાઈ છે તેમજ કુપોષણને લડવા શું આયોજન કરાયું છે. જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રીએ જવાબ આપ્યો હતો કે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને છેલ્લા ત્રણ વર્ષમાં ૫૩૧૨ કરોડ રૂપિયા ફાળવ્યા હતા જેમાંથી ૨૯૮૫ કરોડ હજુ વપરાયા છે. ગુજરાતને ૨૯૯ કરોડ ફાળવ્યા હતા તેમાંથી ૨૧૭ કરોડ રાજ્યે ખર્ચ કર્યા છે. કુપોષણ મામલે તેમણે જણાવ્યું હતું કે, સ્ટંટિંગ એટલે કે ઉંમર મુજબની ઓછી ઊંચાઈ ધરાવતા બાળકો ચોથા સર્વેમાં ૩૮.૪ ટકા હતા જે ઘટીને ૩૫.૫ ટકા થયા છે જ્યારે ઊંચાઈ મુજબ ઓછા વજન વાળા બાળકો ૨૧ ટકાથી ૧૯.૩ ટકા જ્યારે અન્ડરવેઈટ(ઉંમર મુજબ ઓછું વજન) બાળકોમાં ૩૫.૮ ટકાથી ઘટીને ૩૨.૧ ટકા થયા છે. જોકે એનિમિયા વિષે કોઈ માહિતી અપાઈ ન હતી. રાજ્યમાં કુપોષણ હાલ સૌથી મોટી સમસ્યા છે. છેલ્લા ૧૫ વર્ષથી રાજ્યમાં પોષણ કાર્યક્રમો ચાલતા હોવા છતાં હજુ પણ કુપોષણ સામે જીત મળી નથી. છેલ્લા ૩ વર્ષના જ આંકડાઓ ઉપરથી અભ્યાસ કરીએ તો પણ કરોડો રૂપિયા મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ફાળવ્યા છતાં સ્થિતિ હજુ તેવીને તેવી જ છે. રાજ્ય સરકારે પોષણ કાર્યક્રમ હેઠળ ૨૦૧૭થી ૨૦૨૦ સુધીમાં ૫૭૦૪ કરોડ રૂપિયા ખર્ચી નાંખ્યા છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે પણ ૨૯૯ કરોડ રૂપિયાની ગ્રાન્ટ માત્રને માત્ર પોષણ અભિયાન માટે આપી હતી.

સંસદમાં ડેમ સેફટી બિલ રજુ, ડેમની સુરક્ષા પ્રક્રિયામાં એકરૂપતા લાવવા માંગે છે સરકાર

ડેમનો સીધો સંબંધ રાજ્યોના સિંચાઈ વિભાગ અને કેન્દ્રીય જળ આયોગ સાથે છે

નવી દિલ્હી તા.૯

સરકાર ડેમ સુરક્ષા બિલ, ૨૦૧૯ અંગે તમામ રાજકીય પક્ષો સાથે ગંભીર પરામર્શ કરવા માંગે છે. ડેમની સુરક્ષા એ એક મોટો અને ગંભીર પડકાર છે. તેથી જ ગૃહને ઉતાવળમાં પસાર કરાવવાને બદલે તે સતત વિરોધ પક્ષોને તેના ઉપર ચર્ચામાં ભાગ લેવા વિનંતી કરી રહી છે. આ બિલ પહેલા જ લોકસભામાં પસાર થઈ ચૂકયું છે. સરકારનો હેતુ દેશના તમામ બંધોની સુરક્ષાની પ્રક્રિયાના એકરૂપતા લાવવાનો છે. બિલ દ્વારા એક તંત્ર વિકસાવવામાં આવશે. જે તમામ ડેમની સુરક્ષા ઉપર નજર રાખશે. આમાં રાજ્યોની મહત્વપૂર્ણ ભૂમિકા સુનિશ્ચિત કરવામાં આવી છે. જોકે, કેટલાક રાજ્યોએ બિલની જોગવાઈઓ સામે વાંધો ઉઠાવ્યો છે. આ માટે જરૂર પડયે બિલમાં સુધારો કરી શકાય છે. સૂત્રોનું કહેવું છે કે, તમિલનાડુ અને કર્ણાટક જેવા રાજ્યોના પ્રતિનિધિઓ ગૃહમાં પોતાનો વાંધો ઉઠાવી શકે છે. ખરેખર, પાણી એ રાજ્યનો વિષય છે. બિલ ખાતરી આપે છે કે, રાજ્યોના અધિકારો સાથે કોઈપણ રીતે ચેડા કરવામાં આવશે નહી. બિલ દ્વારા એક એવું તંત્ર બનાવવામાં આવશે. જે રાજ્યોના અધિકારોનું રક્ષણ કરશે. આ વિધેયક ડેમના નિર્માણ અને જાળવણીની સાથે તેના સલામતી ધોરણોની જોગવાઈ કરે છે. ડેમનો સીધો સંબંધ રાજ્યોના સિંચાઈ વિભાગ અને કેન્દ્રીય જળ આયોગ સાથે છે, જેને મજબૂત કરવાની જરૂર છે. ડેમના નિરીક્ષક સંબંધિત કામ રાજ્ય સરકારો પાસે રહેશે. ડેમના બાંધકામની નિષ્ફળતા ટાળવા માટે એક નિવારક પધ્ધતિ પણ હશે. કારણકે ડેમ નિષ્ફળ જવા માટે કોઈ સ્થાન નથી. વાસ્તવમાં, આબોહવા પરિવર્તનની સાથે, પાણીના મુદ્દા ઉપર પણ સાવધાની અને ચોકકસાઈ સાથે વિચાર કરવાની જરૂર છે. બંધોની એકરૂપતાને ધ્યાનમાં લેતી વખતે આબોહવા, જળગ્રહણ વિસ્તારો જેવા સ્થાનિક પરિબળોને પણ વિશેષ ભાર આપવાની જરૂર છે. હાલમાં દેશના કુલ ૫,૩૪૪ ડેમમાં ૯૨ ટકા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વહેતી નદીઓ ઉપર બાંધવામાં આવ્યા છે. તેમાંથી ૨૯૩ ડેમ એવા છે જે ૧૦૦ વર્ષથી વધુ જુના છે. તેમની સુરક્ષા ઉપર વિશેષ ભાર આપવાની જરૂર છે. દેશમાં ૨૫ ટકા ડેમ ૫૦ થી ૧૦૦ વર્ષ પહેલા બંધાયા હતા. ૮૦ ટકા ડેમ ૨૫ વર્ષ કે તેથી વધુ જૂના છે. આઝાદી બાદ દેશના અનેક ડેમ પણ તૂટી ગયા છે. ૧૯૭૯માં ગુજરાતમાં આવી જ એક ઘટનામાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા. દેશમાં ડેમ સુરક્ષાના ગંભીર પડકારો છે. કેટલાક ડેમ પણ જૂના છે, જેની ડિઝાઈન હાઈડ્રોલોજી અને બાકીની સેફટી સિસ્ટમ આધુનિક ટેકનોલોજી ઉપર આધારિત નથી. આ ઉપરાંત મોટાભાગના ડેમોમાં મોટા પ્રમાણમાં કાંપ જમા થવાને કારણે તેની પાણી સંગ્રહ ક્ષમતામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ પડકારોનો સામનો કરવા માટે ડેમ સેફટી બિલની જરૂરીયાત અનુભવાઈ હતી.

ઓમિક્રોન વેરિએન્ટ ઉપર ફાઈઝર વેક્સિનની અસર ખૂબ ઓછી, એક અભ્યાસમાં તારણ

નવીદિલ્હી તા.૯

કોરોના વાયરસના ઓમિક્રોન વેરિએન્ટ ઉપર હજુ પણ મંથન ચાલી રહ્યું છે કે, તે પૂર્વવર્તી ડેલ્ટા વેરિએન્ટ કરતાં કેટલો ખતરનાક છે. આ બધા વચ્ચે ઓમિક્રોન ઉપર વેક્સિન અંગે એક અભ્યાસ થયો છે. દક્ષિણ આફ્રિકામાં આવેલા આફ્રિકા હેલ્થ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા ફાઈઝર વેક્સિન ઉપર આ અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, ફાઈઝર વેક્સિનના ૨ ડોઝની ઓમિક્રોન ઉપર આંશિક અસર જ છે. આ અભ્યાસમાં વધુ એક વાત પણ સામે આવી છે કે, જે લોકોએ વેક્સિનના બંને ડોઝ લીધા હતા અને પહેલેથી ઈન્ફેક્શન હતું તેવા મોટા ભાગના કેસમાં વેરિએન્ટને અસરહીન કરી દેવાયો. સ્ટડીમાં એવું સૂચન પણ કરવામાં આવ્યું છે કે, વેક્સિનનો બુસ્ટર ડોઝ વેરિએન્ટ સામે બચાવી શકે છે. આફ્રિકા હેલ્થ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના પ્રોફેસર એલેક્સ સિગલે જણાવ્યું કે, ઓમિક્રોન વેરિએન્ટને અસરહીન કરવા માટે એક મોટો ઘટાડો જોવા મળ્યો છે જે પહેલાના કોવિડ સ્ટ્રેનની સરખામણીએ વધારે છે. તેમણે જણાવ્યું કે, લેબમાં ૧૨ એવા લોકોના લોહીની તપાસથઈ જેમણે ફાઈઝર બાયોએનટેકની વેક્સિન લીધી હતી. તેમાં ૬માંથી ૫ લોકો જેમણે વેક્સિનનો ડોઝ લીધો હતો અને કોરોનાના પહેલાના વેરિએન્ટનો ભોગ બની ચુક્યા હતા તેમણે ઓમિક્રોન વેરિએન્ટને અસરહીન કરી દીધો. સિગલે જણાવ્યું કે, જે પરિણામો આવ્યા છે તે, હું જેવું વિચારી રહ્યો હતો તેના કરતાં સકારાત્મક છે. તમને જેટલા એન્ટીબોડી મળશે, ઓમિક્રોનનો સામનો કરવા માટેની તક એટલી જ વધી જશે. વધુમાં જણાવ્યું કે, લેબમાં એવા લોકોની તપાસ નથી કરવામાં આવી જેમણે વેક્સિનનો બુસ્ટર ડોઝ લીધો છે. આવા લોકો હાલ દક્ષિણ આફ્રિકામાં ઉપસ્થિત નથી.

ભારત દેશમાં વસ્તી નિયંત્રણ એકવીસમી સદીમાં મોટો પડકાર

કુદકે-ભુસકે વધતી જનસંખ્યા ઉપર ખરેખર નિયંત્રણની જરૂર છે. જેનાથી ભવિષ્યમાં સર્જાનારી મૂશ્કેલીઓને આપણે દૂર રાખી શકીએ. જે રીતે પૂર કે સુનામી આવે તો એતેની સાથે મોટા પ્રમાણમાં કચરો, ચીજવસ્તુઓ, વૃક્ષો વગેરે જેવી અનેક વસ્તુઓ સાથે લઈને આવે છે, તેવી જ રીતે વસ્તી વધારાનું પ્રચંડ પૂર તેની સાથે અનેક મુશ્કેલીઓ લઈને આવે છે, અનેક પ્રશ્નો લઈને આવે છે. વધતી જનસંખ્યાથી દેશનો આર્થિક વિકાસ રૂંધાઈ રહ્યો છે, ગરીબી વધી રહી છે, પર્યાવરણની સમતુલા ખોરવાઈ રહી છે. આપણે જ આપણા ભવિષ્યને ખોરવી રહ્યા છે. બેફામ વસ્તી વધવાના કારણે સમગ્ર વિશ્વ જાણે કેભયાનક વિસ્ફોટ બોમ્બ ઉપર ઊભું છે. વસ્તી વધારાને કારણે જીવનજરૂરિયાતની વસ્તુઓ, ભોજન અને રહેઠાણ જેવી સુવિધાઓના અભાવની સમસ્યાઓ સર્જાય છે, સરકાર દ્વારા આવી સમસ્યાઓના નિવારણ માટેની અનેક યોજનાઓ અમલમાં મૂકાય છે પરંતુ વધતી જતી વસ્તીને પરિણામે આનું કોઈ નોંધનીય કે, હકારાત્મક પરિણામ મેળવી શકાતું નથી. વસ્તીવધારાનું આ પ્રચંડ પૂર તેની સાથે બેરોજગારી, ગરીબી, પ્રદૂષણ, કુપોષણ, જીવન જરૂરી વસ્તુઓની અછત વગેરે જેવી અનેક સમસ્યાઓ અને પ્રશ્નો સાથે લઈને આવે છે. અન્ય સાઈડ ઈફેક્ટસમાં બેકારી અને ગરીબીના પરિણામે ગુનાખોરી, ચોરી, અપરાધિક સમસ્યાઓ પણ સમાજમાં મોટાપાયે અરાજકતા ફેલાવતી રહે છે. આ પ્રત્યેક પ્રશ્નોની આડઅસરો વૈશ્વિક સમસ્યારૂપે પરેશાન કરી રહી છે અને ઉપરથી દેખાય છે તેથી વધુ ઊંડા તેના મૂળિયા છે. જેવી રીતે ભારતમાં બેરોજગારીનું સ્તર ઊંચું છે તેવી જ રીતે આરોગ્યની દ્રષ્ટિએ એટલું જ કથળેલું પણ છે. આરોગ્યની બાબતમાં ભારતનું સ્થાન વિશ્વમાં ૧૧૧મું છે. વસ્તી વધારાને કારણે, પ્રાથમિક સુવિધાઓના અભાવને કારણે ગરીબી અને અજ્ઞાનતા વધે છે. જેને કારણે લોકોમાં જાગૃતિનો અભાવ ગંદકી અને રોગચાળાનું નિમિત્ત બને છે. ગરીબ લોકો જાગૃતિના અભાવે વસ્તીવધારાના ગંભીર પરિણામોને ગંભીરતાથી લેતા જ નથી. આના સીધા પરિણામ રૂપે ધનિકો વધુ ધનિક બની રહ્યા છે અને અભણ-ગરીબ વર્ગ વધુ ગરીબ બની રહ્યા છે. ભણતરથી સામાન્ય સમજ તથા જાગૃતિ આવે છે અને દરેક પરિસ્થિતિના ભાવિ પરિણામો વિષેની સભાનતા કેળવાય છે જે નીચલા વર્ગમાં સ્વાભાવિકપણે જ ઓછી દેખાય છે. ભારત દેશ આજે વિકાસશીલ દેશ મટી વિકસિત દેશોની હરોળમાં ઊભો થઈ રહ્યો છે, વિકાસની કેડી પકડી ચૂક્યો છે પણ ધારી સફળતા મળતી નથી. દેશનું અર્થતંત્ર ધીમું પડે, તેની ગતિ-પ્રગતિ અવરોધાય એટલી હદે અને એ ઝડપે વસ્તી દર વધી રહ્યો છે. આ સમસ્યા માત્ર ભારતને જ નહીં સમગ્ર એશિયાના દેશો માટે માથાના દુઃખાવા સમાન બની ગઈ છે. વિશ્વ વસ્તી દિવસની હોંશભેર ઉજવણી ના કરવાની હોય પણ જે ઝડપે વિશ્વભરની વસ્તી બોમ્બ સમાન વિસ્ફોટક બની રહી છે, વૃદ્ધિ દર બેફામ રીતે વધી રહ્યો છે તેના પરત્વે યુદ્ધના ધોરણે પગલા લેવાવા જોઈએ. જે ઘરમાં બેથી વધુ બાળકો હોય તેને અમુક તમુક સરકારી લાભોથી યોજનાઓથી વંચિત રાખવાની જાહેરાત પણ થઈ જ ગઈ છે. બાળલગ્નો અટકાવવા પણ એટલા જ જરૂરી છે. વધુ બાળકો જન્મવા માટે બાળલગ્નો પણ એટલા જવાબદાર છે. ૧.૨૨ અબજને આંબી ગયેલી ભારત દેશની વસ્તીમાં હજુ લાખો, કરોડો પ્રાથમિક સુવિધાથી પણ વંચિત છે. નથી તેમની પાસે ઘરનું ઘર કે નથી આવકનું કોઈ નક્કર સાધન. છતાં નવાઈની વાત એ છે કે, તેમના કહેવાતા ઘરોમાં એક એક પરિવારમાં ચારથી પાંચ નાગા-ભૂખ્યા બાળકો તો જોવા મળશે જ ! દેશની આશરે ૬૦% ઉપરની વસ્તી ગરીબી રેખા નીચે જીવી રહી છે છતાં વતીવધારા જેવી રાષ્ટ્રીય તથા વ્યક્તિગત વિકાસને રૂંધતી સમસ્યા કાબૂમાં આવવાનું નામ નથી લેતી. જળ-જમીન જેવા કુદરતી સંસાધનો, પર્યાવરણ જેવા મહત્વના મુદ્દે દબાણ કરતા વસ્તી વિસ્ફોટના મહાપ્રશ્નનો યોગ્ય સમયે, યોગ્ય રીતે ઉકેલ લાવવાની શરૂઆત નહીં કરાય તો શક્ય છે કે, એકદિવસ એવો પણ આવશે કે ના તો રસ્તા ઉપર ચાલવાની કે વાહનો ચલાવવાની જગ્યા રહેશે કે ના ઘરોમાં કે જાહેર સ્થળો ઉપર શ્વાસ લેવા જેટલી જગ્યા બચશે. વસ્તી વૃદ્ધી એ સમગ્ર વિશ્વની સાથે ભારત માટે પણ ખૂબ ગંભીર સમસ્યા છે. ચીન જેવા સામ્યવાદી દેશોમાં વસ્તી નિયંત્રણ પ્રમાણમાં સરળ છે જ્યારે આપણે ત્યાં એ ખૂબ જટિલ આર્થિક, સામાજિક અને રાજકીય સમસ્યા છે. તેમ છતાં, આજે વડાપ્રધાન દુનિયાભરમાં ભારત એ વિશ્વનો સૌથી યુવા વસ્તી ધરાવતો દેશ હોવાની વાત કરે છે તે પણ હકકીત છે. ભારતમાં સૌથી વધુ પ્રમાણમાં ઉત્પાદક એટલે કે ૧૮ થી ૪૦ વર્ષની વસ્તી છે. જો આ વસ્તીને પૂરતી સગવડ, શિક્ષણ અને રોજગારી આપવામાં આવે તો ચમત્કાર સર્જાઈ શકે જે હાલ સંભવિત દેખાતું નથી. ખરેખર તો વિશ્વમાં કુદરતી સંપત્તિ અને જમીનના પ્રમાણમાં વસ્તીનું અસમાન વિતરણ એ સમસ્યા છે. જો ઓસ્ટ્રેલિયા કે જેનું ક્ષેત્રફળ ભારત કરતાં વધુ હોય અને વસ્તી માત્ર ભારતનાં વાર્ષિક વસ્તી વધારા જેટલી હોય તો ત્યાં આવેલી અફાટ કુદરતી સંપત્તિનો ઉપયોગ કરવા અને તેને વપરાશમાં લાવવા પણ બહારના દેશોમાંથી લોકો લઈ જવા પડે છે. આફ્રિકાના દેશોમાં પુષ્કળ કુદરતી સંપત્તિ વપરાયા વગરની છે જે ત્યાંની પ્રજામાં ટેકનોલોજીકલ અને શૈક્ષણિક લાયકાત કેળવી વપરાશમાં લેવામાં આવે તો તેમનું જીવનધોરણ સુધારી શકાય. ચીન જેવા દુનિયાના સૌથી વધુ વસ્તી ધરાવતાં દેશમાં પણ લાંબા સમયથી અમે બે-અમારૂ એકની નિતિ બદલી બે બાળકની હિમાયત કરાઈ છે ત્યારે વસ્તીને સમસ્યા કરતાં સંપત્તિ ગણવાની વૈશ્વિક નિતિ હોવા છતાં આપણા દેશમાં તો આજે પણ વસ્તી અને વસ્તીવૃદ્ધિ એ સમસ્યા જ છે. આશા રાખીએ કે આવા દિવસોની ઉજવણી દ્વારા આપણે સૌ આ ગંભીર સમસ્યા તરફ સભાન થઈ તેનો યોગ્ય ઉકેલ શોધીએ, જેથી કરીને આવનાર પેઢીઓ માટે આપણે કંઈક સારૂ મૂકીને જઈ શકીએ.

લેખન : ડો. સચિન જે. પીઠડીયા-માંગરોળ

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અશુધ્ધ મગજ અને અશુધ્ધ શરીર વડે
આપણે ઈશ્વરના આશિર્વાદ નહીં મેળવી શકીએ.

- સ્વામિ વિવેકાનંદ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.તીર-૧૩૯૧, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, માગસર સુદ-૬ ચંપાષષ્ઠી, સ્કંદ ષષ્ઠી, માર્તાંડ ભૈરવોત્થાપન, અન્નપૂર્ણા વ્રતારંભ, પંચક (સવારે ૧૦:૧૨ ક.થી પ્રારંભ) તા.૯ ડિસેમ્બર ૨૦૨૧, ગુરૂવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૪, ધનિષ્ઠા નક્ષત્ર, વ્યાઘાત યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૨૧, સૂ.અ.૧૮:૦૫

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સવારે ૧૦:૧૧ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ ષ સ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ :	ગૃહજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ :	કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
મિથુન :	વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક :	મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ :	લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
કન્યા :	વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.
તુલા :	યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક :	સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન :	મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર :	અચાનક પ્રવાસ થાય. મહામહેનતો કાર્યમાં સફળતા મળે.
કુંભ :	કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન :	આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

ઓમિક્રોન : પ્રારંભિક સંકેતો મુજબ, કોવિડની રસી અમુક અંશે સુરક્ષા પૂરી પાડી શકે છે

નવી દિલ્હી તા.૯

કોવિડ-૧૯ કેસના અન્ય વેરિયન્ટની આશંકાએ વૈશ્વિક બજારોમાં ડર ઊભો કર્યો છે અને મુસાફરી પ્રતિબંધ આવી રહ્યા છે અને અમેરિકનો તેમની રજાઓની યોજનાઓ પર પૂર્નઃ વિચાર કરવ રહ્યા છે. ઓમિક્રોન વેરિયન્ટનો અભ્યાસ કરતા વૈજ્ઞાનિકોને હવે તેના પ્રારંભિક સંકેતો મફી રહ્યા છે. નવા વેરિયન્ટના પરિવર્તનો સૂચવે છે કે, તે અમુક અંશે રસીઓના રક્ષણને ટાળી શકે છે, પરંતુ તે કોરોના વાયરસના અગાઉના સંસ્કરણો કરતાં વધુ ગંભીર બીમારીનું કારણ બને તેવી શકયતા નથી.

આ પ્રારંભિક પૂર્વધારણાઓ દક્ષિણ આફ્રિકા જેવા સ્થાનોમાંથી વાસ્તવિક-વિશ્વના અવલોકનો સાથે સુસંગત દેખાય છે, જયાં આ ચેપ માટે રસી આપવામાં આવેલ અને અગાઉ બીમાર થયા હતા તેમનો પણ સમાવેશ થાય છે પરંતુ અત્યાર સુધી મોટાભાગે તેઓમાં લક્ષણો હળવા દેખાય છે. જો કે, અત્યાર સુધી ડેટા અત્યંત મર્યાદિત છે, કોમ્પ્યુટર મોડેલિંગ અને ઓમિક્રોનના ભૌતિક બંધારણની ભૂતકાળની ભિન્નતાઓ સાથે સરખામણી કરવાથી ઘણા વર્તમાન પુરાવા મળ્યા છે. ઓમિક્રોન વિષે ઘણું રહસ્ય છે, જેમાં ડેલ્ટા વેરિયન્ટ કરતાંબમણા કરતાં વધુ મ્યુટેશન હોય છે, જેમાં સ્પાઈકમાં જોવા મળતા બલ્ક, વાયરસની સપાટી પરના તાજ જેવું પ્રોટિન હોય છે જે આપણા શરીર પર હુમલો કરે છે. રોગચાળાના લગભગ બે વર્ષ પછી આવા અત્યંત પરિવર્તિત વાયરસના દેખાવે વૈજ્ઞાનિક સમુદાયર્ત આશ્ચર્યચકિત કરી દીધા હતા, કારણ કે, ઘણા લોકોએ એવી ધારણા કરી હતી કે, અલ્ટ્રા-ચેપી ડેલ્ટા વેરિયન્ટ છેલ્લી મોટી તરંગને ચિહ્નિત કરી શકે છે.

ઓમિક્રોનના મ્યુટેશનનો અર્થ શું થાય છે તે બરાબર ઉકેલવા માટે વૈજ્ઞાનિકોને પ્રયોગશાળા પરીક્ષણ અને અભ્યાસ માટે અનેક અઠવાડિયાનો સમય લાગશે અને તે કેટલું વધુ ચેપી છે અને ચેપગ્રસ્ત લોકો માટે તેની અસરો શું છે તે અંગેની વિગતો ચોક્કસપણે નક્કી કરવામાં આવશે. પરંતુ પ્રારંભિક અવલોકનો પછી વૈજ્ઞાનિકોને તેના વિશે અમુક માહિતી મળી છે. ઓમિક્રોનના પરિવર્તનનું સ્થાન બે બાબતો સૂચવે છે.પ્રથમ એ છે કે, વાયરસ અમુક અંશે રસીથી બચી શકે છે. કેટલાક સ્પાઈક પરિવર્તનો એ જ સ્થાનો ઉપર છે જે અન્ય પ્રકારોમાં જોવા મળે છે જે ઝડપથી ફેલાય છે. ભૂતકાળના પરિવર્તનને કારણે એન્ટિબોડી એસ્કેપ તરીકે ઓળખાય છે, જેમાં વાયરસ રસીઓ દ્વારા પેદા થયેલા એન્ટિબોડીઝના હુમલા અથવા અગાઉના કોવિડ- ૧૯ ચેપને ટાળવામાં સક્ષમ છે. બીજી દૃષ્ટિએ એવું લાગે છે કે, ઓમિક્રોન શરીરની બીજી સંરક્ષણ રેખા, ટી-સેલ્સ માટે અભેદ્ય નહીં હોય, તે ચેપ અને રોગના વિકાસને રોકવા માટે એન્ટિબોડીઝ સાથે કામ કરે છે. જો વાયરસ એન્ટિબોડીઝના હુમલાથી બચવામાં સફળ થાય છે, તો ટી-સેલ્સ ચેપગ્રસ્ત કોષોને મારી નાખવાનું કામ કરે છે. કેપ ટાઉન યુનિવર્સિટીના ઈમ્યુનોલોજિસ્ટ વેન્ડી બર્ગર્સે જણાવ્યર્સ હતું કે, ઘણા પરિવર્તન સ્પાઈક પ્રોટીન ઉપરના હોટસ્પોટ્સમાં થાય છે, જે આપણે જાણીએ છીએ કે એન્ટિબોડીઝ માટે મહત્ત્વપૂર્ણ છે. અમે જે આગાહી કરીએ છીએ તે એ છે કે, ટી-સેલ પ્રતિસાદનો ઘણો ભાગ હજુ પણ ઓમિક્રોન સામે સક્રિય રહેશે. લેબમાં આ શંકાની પુષ્ટિ કરવા માટે પ્રયોગો શરૂ કરવા માટે ઓમિક્રોન-સંક્રમિત દર્દીઓ અને ઓમિક્રોન ઉપર આધારિત સ્પાઈક-પ્રોટીનના નમૂનાઓની રાહ જોવામાં આવી રહી છે. પરંતુ પ્રારંભિક કોમ્પ્યુટર વિશ્લેષણે આ સિદ્ધાંતને સમર્થન આપ્યું છે. એન્ટિબોડીઝમાં સ્પાઈક પ્રોટિન ઉપર હુમલાના

સંકુચિત લક્ષ્યો હોય છે, જેનું લક્ષ્ય માત્ર બે ચોક્કસ પ્રદેશો માટે હોય છે જે રિસેપ્ટર બાઈન્ડિંગ ડોમેન અને એન-ટર્મિનલ ડોમેન તરીકે ઓળખાય છે. તેનો અર્થ એ છે કે, તે આ સ્થાનો ઉપર અમુક પરિવર્તનો એન્ટિબોડીઝની હુમલો કરવાની ક્ષમતાને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે. બીજી બાજુ, ટી-સેલ્સ સમગ્ર સ્પાઈકને લક્ષ્ય બનાવે છે. અમુક ફેરફારો તેમની અસરકારકતાને અસર કરે તેવી શકયતા ઓછી છે.

જ્યારે ઓમિક્રોનના ડઝનેક મ્યુટેશન અગાઉના વેરિયન્ટમાં જોવા મળ્યા છે, ત્યારે ઘણા સંપૂર્ણપણે નવા છે. તેનો અર્થ એ કે, કોઈપણ નિશ્ચિતતા સાથે ઓમિક્રોનની સંપૂર્ણ અસરને સંપૂર્ણ રીતે સમજવા માટે વધુ સમય અને ડેટાની જરૂર પડશે. ન્યૂયોર્કની રોકફેલર યુનિવર્સિટીમાં થિયોડોરા હેટ્ઝિઓઆનોઉની લેબએ છેલ્લા એક વર્ષમાં વાયરસના બિન-ખતરનાક, કૃત્રિમ સંસ્કરણ સાથે પ્રયોગો કર્યા છે તે જોવા માટે કે કોવિડ-૧૯ સ્પાઈક પ્રોટીનમાં નોંધપાત્ર સંખ્યામાં પરિવર્તનો થયા હતા, જે ઘણા જ સમાન છે. માટે એવી આશા રાખવામાં આવે છે કે, આ ઓમિક્રોન સ્પાઈક આપણી રોગપ્રતિકારક શક્તિના દરેક પ્રતિભાવથી છટકી શકશે નહીં અને રસીઓ હજુ પણ આ ગંભીર રોગ સામે રક્ષણ પૂરું પાડશે. લાંબાગાળે આ પરિવર્તનો જે દર્શાવે છે તે એ છે કે, આ રોગચાળા વિષે આગાહી કરવી મુશ્કેલ છે. જો ઓમિક્રોન મોટાભાગના લોકો માટે વધુ ગંભીર ચેપમાં પરિણમતું નથી, તો પણ કેસોમાં વધારો થવાથી ચેપની સંખ્યાને કારણે વધુ લોકો હોસ્પિટલમાં દાખલ થશે અને મૃત્યુ પણ થઈ શકે છે અને જ્યાં સુધી વિશ્વભરમાં મોટી સંખ્યામાં રસી વગરના લોકો છે, ત્યાં સુધી આ વાયરસ ફેલાતો રહેશે અને પરિવર્તિત થતો રહેશે. ઓમિક્રોન વિષે વધુ સાબિતી એ પણ કહે છે કે કોવીડ-૨એ અત્યંત અનુકૂલનક્ષમ છે અને તેને સંપૂર્ણપણે નાબૂદ કરવું મુશ્કેલ હોઈ શકે છે. જાહેર-આરોગ્ય નીતિ મુજબ રસીકરણ દ્વારા આ વાયરસને પરિભ્રમણમાંથી દૂર કરવાના પ્રયાસો કરવા જોઈએ અને આ ગંભીર રોગને રોકવા માટે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

રસી બનાવનાર વૈજ્ઞાનિકની રોગચાળા વિશે ચેતવણી

કોરોના કરતા પણ વધુ ઘાતક રોગચાળાની વિશ્વને ચેતવણી

આગામી રોગચાળો ખરાબ હોઈ શકે છે, તે વધુ ચેપી, વધુ જીવલેણ અથવા બંને હોઈ શકે છે : સારાહ ગિલ્બર્ટ

લંડન, તા.૯

સારાહ ગિલ્બર્ટ, ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકા રસી બનાવનાર વૈજ્ઞાનિકોમાંના એક ભવિષ્યના રોગચાળા વિશે ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે ભવિષ્યની મહામારી કોરોના વાયરસ કરતા પણ વધુ ઘાતક બની શકે છે. સારાએ એમ પણ કહ્યું કે આપણે કોરોના રોગચાળામાંથી શીખેલા પાઠને ભૂલવો જોઈએ નહીં અને ખાતરી કરવી જોઈએ કે વિશ્વ આગામી વાયરલ હુમલા માટે તૈયાર છે. વર્લ્ડોમીટ મુજબ, કોરોના વાયરસના કારણે વિશ્વભરમાં અત્યાર સુધીમાં ૫૨૭૩૩૧૦ લોકોના મોત થયા છે. આર્થિક ઉત્પાદનમાં ટ્રિલિયન ડોલરનું નુકસાન થયું છે. એટલું જ નહીં, તેનાથી કરોડો લોકોના જીવનને પણ અસર થઈ છે. કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં અમેરિકા, ભારત, બ્રાઝિલ, બ્રિટન, રશિયા, તુર્કી અને ફ્રાન્સનો સમાવેશ થાય છે. તાજેતરમાં શોધાયેલ નવા પ્રકાર ઓમિક્રોને દક્ષિણ આફ્રિકામાં હોબાળો મચાવ્યો છે. એક અહેવાલ મુજબ, સારાહ ગિલ્બર્ટે રિચર્ડ ડિમ્બલબી લેક્ચરમાં કહ્યું કે સત્ય એ છે કે આગામી રોગચાળો વધુ ખરાબ હોઈ શકે છે. તે વધુ ચેપી અથવા વધુ જીવલેણ અથવા બંને હોઈ શકે છે. આ છેલ્લી વાર નહીં હોય જ્યારે કોઈ વાયરસ આપણા જીવન અને આજીવિકાને જોખમમાં મૂકે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના રસીકરણના પ્રોફેસર ગિલ્બર્ટે કહ્યર્સ કે વિશ્વએ ખાતરી કરવી જોઈએ કે તે આગામી વાયરસ માટે વધુ સારી રીતે તૈયાર છે. આરોગ્ય નિષ્ણાંતોનું કહેવું છે કે કોરોના મહામારીને ખતમ કરવાના પ્રયાસો અસમાન અને ખંડિત છે. ઓછી આવક ધરાવતા દેશોમાં કોવિડ રસીની મર્યાદિત પહોંચ છે, જયારે સમૃદ્ધ દેશો સ્વસ્થ અને શ્રીમંત લોકોને બૂસ્ટર ડોઝ આપી રહ્યા છે. વર્લ્ડ હેલ્થ્લ્ ઓર્ગેનાઈઝેશને પણ કોરોના રોગચાળાના સંચાલનની સમીક્ષા કરવા માટે એક સ્થાયી પેનલની રચના કરી છે, જે દરેક દેશની પરિસ્થિતિ વિષે માહિતી એકઠી કરી રહી છે. ચીનમાં ૨૦૧૯ના અંતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ જોવા મળ્યો હતો. ત્યારબાદ વાયરસ સામેની રસી રેકોર્ડ સમયમાં વિકસાવવામાં આવી હતી. ગિલ્બર્ટે કહ્યું કે ઓમિક્રોન વેરિઅન્ટના સ્પાઈક પ્રોટીનમાં એવા મ્યુટેશન હોય છે જે વાયરસની સંક્રમણક્ષમતા વધારવા માટે જાણીતા છે. તેમણે એમ પણ કહ્યું કે ઓમિક્રોન સાથેના ચેપને રોકવા માટે રસી ઓછી અસરકારક હોઈ શકે છે.

"મમતા બેનરજીકો ગુસ્સા ક્યોં આતા હૈ ?"

તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ વચ્ચે તાલમેલનો અભાવ છે મમતા બેનરજી અને સોનિયા વચ્ચે સંબંધો સારા છે અને રાજકીય પુન'મલન એટલે કે પોલિટિકલ રીયુનિયન થવાની શક્યતા છે

કોલકતા તા.૯

કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે જે કંઈ ચાલી રહ્યું છે તેના અંગે ઘણું બધું કહેવાયું અને લખાયું છે. મમતા બેનરજી અને ૧૦ જનપથની નિકટના સુમાહિતગાર સૂત્રોએ જણાવ્યું છે કે શંકાકુશંકાઓ થોડા સમય માટે રહેશે પરંતુ રાજકીય પુર્નઃ મિલન થવાની સંભાવનમ છે. તેનો આધાર ગોવા, પંજાબ, ઉત્તરાખંડ, મણિપુર અને ઉ.પ્ર.ની ચૂંટણીના પરિણામો ઉપર પણ રહેશે. આ સૂત્રો એવું ભારપૂર્વક જણાવે છે કે મમતા બેનરજી અને સોનિયા ગાંધી વચ્ચે જે મડાગાંઠ પડી છે તે હજુ દૂર થઈ નથી અને જો કોંગ્રેસના વચગાળાના પ્રમુખ આજે અથવા પછી લીડ લેશે તો બંને રાજકીય પક્ષો વચ્ચેના વિવાદી મુદ્દાઓનો આપોઆપ ઉકેલ આવી જશે. માહિતગાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૨૮, જુલાઈએ ૧૦ જનપથ ખાતે મમતા બેનરજીની સોનિયા સાથેની બેઠક દરમ્યાન કેટલીક ગેરસમજૂતીઓ ઊભી થઈ હતી. તૃણમૂલે એવું વિચાર્યુ હતું કે આ એક બંને મહિલાઓ વચ્ચેની રૂબરૂ બેઠક હશે પરંતુર રાહુલ ગાંધી પણ ચર્ચાવિચારણામાં ભાગ લેવા માટે હાજર થઈ ગયા હતા. મમતા બેનરજીએ સોનિયા ગાંધીને જે કેટલીક બાબતો જણાવવા માગતાં હતાં તે રાહુલની હાજરીમાં જણાવી શક્યાં નહીં. રાહુલના આદર્શવાદી અને અવ્યવહારૂર દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને મમતા બેનરજી આ વાત કરી શકયાં નહીં. ખાસ કરીનો યુપીએના રીવાઈવલ કે રાજકીય મોરચાની જરૂરિયાત જેવા જટિલ મુદ્દાનેર વાતચીત દરમ્યાન ઉકેલી શકાયો નહીં. આમતો મમતા બેનરજીને ગાંધી પરિવાર સાથે ઘણા દાયકાઓથી

સંબંધ છે. મમતા બેનરજી જ્યારે પ્રથમ વખત સાંસદ બન્યાં ત્યારે તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ મમતા બેનરજીને રમત ગમત અને યુવા બાબતોના રાજયકક્ષાના પ્રધાન બનાવ્યાં હતાં. પાછળથી મમતા બેનરજીએ તૃણમૂલ કોંગ્રેસની રચના કરવાનો વિચાર રજૂ કર્યો ત્યારે પણ સોનિયા ગાંધી સાથેના તેમના સંબંધો ઉષ્માભર્યા રહ્યાં હતાં. મમતા બેનરજી અવારનવાર કહેતાં આવ્યાં હતાં કે જો સોનિયા પક્ષનો હવાલો સંભાળે તો તેઓ પક્ષમાં આવવા તૈયાર છે પરંતુ ત્યાં સુધીમાં સોનિયા ગાંધી કોંગ્રેસમાં જોડાયાં હતાં અનેમાર્ચ, ૧૯૯૮માં પક્ષનું નેતૃત્વ સંભાળ્યું હતું. આમ તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ વચ્ચે કોમ્યુનિકેશનનો અભાવ છે. મમતા બેનરજી અને સોનિયા વચ્ચે સંબંધો સારા છે અને રાજકીય પુર્નઃમિલન એટલમ કે પોલિટિકલ રીયુનિયન થવાની શક્યતા છે.

કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોનનો ભારતમાં પગપેસારો

મેદાંતાના ચેરમેન ડોક્ટર નરેશ ત્રેહને વાયરસ ક્યારે પીક ઉપર હશે અને તેનું જોખમ ક્યાં સુધીમાં ટાળી શકાશે તે અંગે વિસ્તારપૂર્વક જાણકારી આપી

નવી દિલ્હી, તા.૯

કોરોના વાયરસના નવા વેરિએન્ટ ઓમિક્રોને ભારતમાં પગપેસારો કરી દીધો છે. ઓમિક્રોનનો ટ્રાન્સમિશન રેટ ભારતમાં બીજી લહેર માટે જવાબદાર ડેલ્ટા વેરિએન્ટ કરતા ઉગણો વધારે છે. મતલબ કે, આ વાયરસ ઉ ગણી વધુ ઝડપથી લોકોને સંક્રમિત કરી શકે છે. મેદાંતાના ચેરમેન ડોક્ટર નરેશ ત્રેહને વાયરસ ક્યારે પીક ઉપર હશે અને તેનું જોખમ ક્યાં સુધીમાં ટાળી શકાશે તે અંગે વિસ્તારપૂર્વક જાણકારી આપી હતી. ડોક્ટર ત્રેહનના કહેવા પ્રમાણે આપણે સૌએ ભારતમાં આવેલી પાછલી ૨ લહેરોમાંથી સબક લેવો જોઈએ. પહેલી અને બીજી લહેર વચ્ચે આશરે ૩૨ સપ્તાહનો સમય હતો. પહેલી લહેર બાદ લોકોએ એવું માની લીધું હતું કે, વાયરસ હવે ખતમ થઈ ગયો છે પરંતુ બીજી લહેર વખતે તે વધુ ભયંકર બનીને પાછો ત્રાટક્યો. માટે લોકોએ સમજવું જોઈએ કે, જ્યાં સુધી સંપૂર્ણપણે વાયરસનું જોખમ ટળી ન જાય ત્યાં સુધી સાવધ રહે. ડોક્ટર ત્રેહને જણાવ્યું કે, એક અનુમાન પ્રમાણે આ વાયરસ સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનાથી જ ફેલાઈ રહ્યો છે પરંતુ તેનો કોઈ પુરાવો નથી. જો આપણે સૂત્રા મોડલથી જોઈએ જેને પહેલી અને બીજી લહેર વખતે પણ અપ્લાય કરવામાં આવેલું તો નવો વેરિએન્ટ જાન્યુઆરીના પહેલા કે બીજા સપ્તાહમાં પીક ઉપર હશે. એવી પણ સંભાવનાઓ છે કે, આ લહેર ફેબ્રુઆરી મહિના સુધીમાં સમાપ્ત થઈ જશે. જોકે તે કેટલી ઉંચી જશે તે આપણા વ્યવહાર ઉપર નિર્ભર કરે છે. આ સાથે જ તેમણે એમ પણ કહ્યું હતું કે, ઓમિક્રોન વેરિએન્ટના પગપેસારાને ત્રીજી લહેર ઘોષિત કરવી હાલ મુશ્કેલ કહી શકાય. આ માટે વધુ રાહ જોવી પડશે. આ સાથે જ તેમણે કોરોના દરમ્યાન રાખવામાં આવતી સાવધાનીઓનું પાલન કરવા માટે જણાવ્યું હતું.

૧૩-૧૪ ડિસેમ્બરે વડાપ્રધાન વારાણસીની યાત્રાએ

ઉત્તરપ્રદેશની ચૂંટણી પહેલાં ભાજપનું શક્તિ પ્રદર્શન

નવી દિલ્હી, તા.૯

ઉત્તરપ્રદેશમાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે અને ભાજપે કાયમ ઉત્તરપ્રદેશને હસ્તગત કરવામાં એડીચોટીનું જોર લગાવ્યું છે. બંગાળ કબજે કરવામાં નિષ્ફળ રહેલા ભાજપે હવે ઉત્તરપ્રદેશ તરફ ફોકસ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લાં બે વર્ષમાં અનેકવાર ઉત્તરપ્રદેશની મુલાકાત લઈ ચૂક્યા છે. મોટા પ્રોજેકટના શિલાન્યાસ અને ઉદઘાઘાટન પણ કરી ચૂક્યા છે. હવે વડાપ્રધાન મોદી ૧૩ અને ૧૪ ડિસેમ્બર એમ બે દિવસીય ઉત્તરપ્રદેશની મુલાકાતે છે. આ સમયે ભાજપે શક્તિપ્રદર્શનની તક ઝડપી લીધી છે અને આ મહાશક્તિપ્રદર્શનમાં ભાજપ શાસિત રાજયોના તમામ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. ચૂંટણી નજીક છે ત્યારે આદર્શ આચારસંહિતા અમલમાં આવે એ પહેલાં પ્રોજેક્ટના અનાવરણ માટે વડાપ્રધાનની ઉત્તરપ્રદેશની અંતિમ સત્તાવાર મુલાકાત ગણાવવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૧૩ અને ૧૪ ડિસેમ્બરની મુલાકાત દરમ્યાન ભાજપ વારાણસીમાં મોટું શક્તિપ્રદર્શન કરશે, જેમાં તમામ ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી બંને દિવસ હાજરી આપશે. આ માટે અત્યારથી તમામ મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓને આમંત્રણ અપાઈ ચૂક્યું છે. વારાણસીમાં ૧૩ ડિસેમ્બરે વડાપ્રધાન દ્વારા કાશી વિશ્વનાથ ધામનું ઉદઘાટન કરશે. બાદમાં ગંગાની યાત્રા કરશે અને સાંજે ગંગા આરતી કરશે ત્યારે આમંત્રિત નેતાઓ પણ તેમની સાથે હશે. બીજા દિવસે, ૧૪ ડિસેમ્બરના રોજ પીએમ વારાણસીમાં આ તમામ સીએમ અને ડેપ્યુટી સીએમ સાથે 'સુશાસન' વિષય ઉપર સેમિનાર યોજશે, જ્યાં તેઓ વિકાસ અને કોરોના સામેની લડાઈ વિશે તેમને ટિપ્સ આપશે. કોવિડ-૧૯ રસીકરણને પ્રોત્સાહન આપવા ઉપર પણ ભાર મુકાશે. વડાપ્રધાન ૧૪ ડિસેમ્બરે વારાણસીમાં વિહંગમ યોગ અને ધ્યાનના મોટા કેન્દ્ર સ્વરવેદ મહામંદિર ધામની પણ મુલાકાત લઈ શકે છે. સાંજે તેઓ દિલ્હી પરત ફરશે. બહુ લાંબા સમયથી ત્રણ કૃષિ કાયદા મુદ્દે ખેડૂતોનું આંદોલન ચાલતું હતું. ભાજપને એવા ઈનપુટ્સ મળ્યા હતા કે જો કૃષિ કાયદા પરત લેવામાં નહીં આવે તો ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં અસર પહોંચી શકે. આ ઈનપુટ્સના આધારે જ ભાજપને કૃષિ કાયદા ૨૯ કરવા પડ્યા હોવાનું કહેવાય છે, કારણ કે ઉત્તરપ્રદેશના પશ્ચિમ વિસ્તારમાં કૃષિ કાયદાની ઊંડી અસર જણાતી હતી.

ઓમિક્રોનના ખતરાને ધ્યાનમાં લઈને ઈન્ડિયન મેડિકલ એસોસિએશને હેલ્થ અને ફ્રન્ટલાઈન વર્કર્સ માટે બુસ્ટર ડોઝ આપવાની માંગણી કરી

ઈન્ડિયન મેડિકલ એસોસિએશને એવી માંગણી કરી છે કે સરકાર ૧૨થી ૧૮ વયના કિશોરોને વેક્સિન આપવાના કાર્યક્રમનો તાત્કાલીક અમલ કરે

નવી દિલ્હી તા.૯

કોરોનાના નવા વેરીઅન્ટ ઓમિક્રોનને લઈને વધતી જતી ચિંતા વચ્ચે ઈન્ડિયન મેડિકલ એસોસિએશને (આઈએમએ) કેન્દ્ર સરકારને આરોગ્યકર્મીઓ (હેલ્થ વર્કર્સ), ફ્રંટ લાઈન વર્કર્સ અને નબળી રોગપ્રતિરોધક ક્ષમતા ધરાવતાં લોકો માટે કોવિડ પ્રતિરોધક વેક્સિનનો વધારાનો ડોઝ એટલે કે બુસ્ટર ડોઝની જાહેરાત કરવાનો નિર્ણય કર્યો છે. આઈએમએ દ્વારા એવી માંગણી કરવામાં આવી છે કે સરકાર ૧૨થી ૧૮ વર્ષની વય જૂથના તરૂણો માટે વેક્સિનોશન પ્રસ્તાવ ઉપર ઝડપથી વિચારણા કરે. દેશમાં ઓમિક્રોનના ૨૧ કેસ નોંધાઈ ચૂક્યાં છે. એક પત્રકાર પરિષદ ખાતે ઈન્ડિયન મેડિકલ એસોસિએશને જણાવ્યું હતું કે કોરોના વાયરસના નવા વેરીઅન્ટના કેસો ભારતના મોટા રાજ્યોમાંથી નોંધાયા છે અને તેનો આંકડો અત્યારે ડબલ ડિજીટમાં છે જે વધવાની શક્યતા છે. આઈએમએએ એવો દાવો કર્યો છે કે ઉપબ્ધ વૈજ્ઞાનિક પુરાવા અને તેની ઉત્પત્તિવાળા દેશો સાથે સંકળાયેલ અનુભવ ઉપરથી જાણવા મળ્યું છે કે ઓમિક્રોન વધુ ઝડપથી ફેલાય છે અને વધુને વધુ લોકોને ઝપટમાં લઈ શકે છે. સંગઠને જણાવ્યું હતું કે આવા સમયમાં જ્યારે ભારત સામાન્ય સ્થિતિ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે આ મોટો ઝટકો સાબિત થશે. જો આપણે પર્યાપ્ત પ્રમાણમાં ઉપાયો નહીં કરીએ તો આપણે મહામારીની ભયાનક ત્રીજી લહેરનો સામનો કરવો પડશે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને જણાવ્યું હતું કે ભારતમાં જ્યારે કુલ વેક્સિનોશનનો આંક ૧.૨૬ અબજથી વધી ગયો છે અને પુખ્ત વયની ૫૦ ટકા કરતાં વધુ પુખ્ત વયની વસ્તીને કમસેકમ એક ડોઝ આપવામાં આવી ચૂક્યો છે ત્યારે ઈન્ડિયન મેડિકલ એસોસિએશને જણાવ્યું છે કે વેક્સિનેશન દ્વારા એ પુરવાર થયું છે કે તેનાથી સંક્રમણનું તીવ્ર સ્વરૂપ અટકાવી શકાશે.૨ આઈએમએએ જણાવ્યું છે કે જો આપણે વેક્સિનેશન ઉપર ધ્યાન વધુ કેન્દ્રીત કરીએ તો ભારત ઓમિક્રોનની અસરો સામે ચોક્કસપણે સુરક્ષિત બની જશે. આથી આઈએમએએ તમામને અગ્રીમતાના એજન્ડા તરીકે વેક્સિનોશન લેવા અનો જે લોકોએ હજુ વેક્સિન લીધી નથી તેમનો સંપર્ક કરવા અને જરૂરતમંદ તમામને બીજો ડોઝ અપાય જાય એ જોવા વિનંતી કરી છે. આ તબક્કે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સરકારને અપીલ કરે છે કે તો સ્વાસ્થ્યકર્મીઓ, ફંટલાઈન વર્કર્સ અને જેમની રોગપ્રતિરોધક શકિત નબળી છે એવા લોકોની રોગપ્રતિરોધક શકિત વધારવા માટે વધારાનો (બુસ્ટર ડોઝ) આપવામાં આવે તેની જાહેરાત કરવામાં આવે.

કોવિડને કારણે મેલેરિયા સામેની લડાઈમાં અવરોધ : WHO

જીનિવા, તા.૯

મેલેરિયાથી થયેલા કુલ મોત પૈકી ૯૫ ટકા મોત સબ સહારા આફ્રિકન દેશોમાં થયા હતાં. છેલ્લા ૧૫ વર્ષોમાં ચીન અલ સાલ્વાડોર સહિત ૧૨ દેશોને ડબ્લ્યુએચઓ દ્વારા મેલેરિયા મુક્ત જાહેર કરવામાં આવ્યા છે. જોકેબીજી તરફ ડબ્લ્યુએચઓએ ચેતવણી આપી છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં અમુક દેશોમાં મેલેરિયાના કેસો અને તેનાથી થતા મોતની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ દરમ્યાન ૧૧ દેશોમાં મેલેરિયાના કેસો ૧.૩ કરોડથી વધીને ૧૬.૩ કરોડે પહોંચી ગયા હતાં. આ દેશોમાં ગયા વર્ષો મેલેરિયાથી થતા મોત પણ ૫૪૦૦૦થી વધીને ૪,૪૫,૦૦૦ થઈ ગયા હતાં.કોરોના મહામારીને કારણે મેલેરિયા સામેની લડાઈમાં અવરોધ ઉભો થયો છે વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ)એ એક નિવેદનમાં જણાવ્યું છે. અનેક દેશોમાં કોરોનાને કારણે આરોગ્ય સેવાઓમાં અવરોધ ઉભો થવાના કારણે મેલેરિયા સામેની લડાઈમાં અવરોધ ઉભો થયો છે. જેના કારણે મેલેરિયાથી થતાં મોતમાં પણ વધારો જોવા મળ્યો છે. યુએન હેલ્થ એજન્સીના તાજેતરના વર્લ્ડ મેલેરિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૦માં કુલ ૨૪.૧ કરોડ મેલેરિયાના કેસો સામે આવ્યા હતાં. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૧.૪ કરોડ કેસ વધારે છે.

અ..૨..૨.. મજેવડી ગામની ઉબેણ નદીની આવી અવદશા..ના ઉદ્‌ગાર વચ્ચે

મજેવડી ગ્રામ પંચાયતની ચુંટણીમાં ત્રિદેવીયાઓ વચ્ચે જામેલો ચુંટણી જંગ

એકથી વધારે વખત સત્તાનો સ્વાદ ચાખી જનાર મહિલા પરિવારના પતિદેવો એક બીજાને ભરી પીવા તમામ સાધન સરંજામ સહિત તૈયાર..

આજથી ચાર દાયકા પહેલા એટલે ૮૦ ના દાયકા પછી રાજકારણ એટલે લોકશાહીનું પર્યાય નહીં એવંમ્ દેશ, રાજય કે જનતાની સેવાનું માધ્યમ નહીં પરંતુ કંઈ ને કંઈ મેળવવાનું પ્રાપ્ત કરવાનું એક સાધન બની ગયું હોય તેમ સામાન્ય એવી સ્વરાજ કે પછી સહકારી ક્ષેત્રની ચુંટણી ધારાસભા કે વિધાનસાભાની ચુંટણીથી પણ વધુ ઝનૂન-આક્રમક રીતે લડવામાં આવે તે તો ઠીક પરંતુ સ્થાનિક ચુંટણીઓમાં થોકબંધ રૂપિયાઓ પાણીના રેલાની જેમ રાજકારણીઓ વાપરી રહયા છે તે એટલું જ સુચવે છે કે, રાજકારણ એ સેવાનું નહિ પરંતુ 'મેવા'નું માધ્યમ બનતું જાય છે. કહો કે આજના મોટાભાગના રાજકારણીઓ પવિત્ર એવા રાજકારણને પદ, પૈસો અને પ્રતિષ્ઠા રળવાનું સાધન હોય તેમ રાજકારણને રીતસરનો વેપાર, ધંધો, રોજગાર નહિ 'ઉદ્યોગ' બનાવી દીધો હોય તેમ ચુંટણીઓમાં બેફામ નાણા વાપરી રહયા છે. જેને વ્યાપારી કે અર્થશાસ્ત્રી ભાષામાં રોકાણ કહેવાય છે.

આજથી ચાર દાયકા પહેલા તો ધારાસભા કે લોકસભાની ચુંટણીઓ કયારે આવી અને કયારે જતી રહી તે માત્ર ગામડા ગામના ગણ્યા-ગાઠયા લોકોને જ ખબર ડતી અને તેમાંય સ્વરાજ એવંમ્ ગ્રામ પંચાયત કે પછી સહકારી ક્ષેત્રની ચુંટણી થતી હશે તે તો કલ્પના બહારની વાત હતી.. મતલબ તે કાળમાં રાજકારણ એ એક પવિત્ર સેવાનું સાધન સૌ કોઈ માનતા હોવાથી મોટાભાગના ગામના એકાદ બે સુખી-સાધન સંપન્ન પરિવાર જ રાજકારણમાં પડેલા હતા. કેમ કે તે કાળમાં સેવાના ભાગરૂપે જે કાંઈ પાય પૈસો ખર્ચવામાં આવતો તે પોતાના ગાઠના ગજવાનો હતો મતલબ કે આવકના નામે મીંડું. જયારે જાકવના નામે.. તે કાળમાં રાજકારણ એવંમ્ સેવાકીય ક્ષેત્રમાં પડેલાઓની જર-જમીન ચાલી ગયાના અનેક દાખલાઓ ગામડાઓમાં આજે પણ જુની પેઢીના સ્મરણમાં છે. જેને 'પટલાય' (આગેવાની) કહેવાતી...

પણ આજે ખુદ રાજકીય, રાષ્ટ્રીય પક્ષો પ્રાદેશિક પક્ષો નાની એવી સ્વરાજ અને સહકારી ક્ષેત્રની ચુંટણીઓમાં એટલો બધો રસ દાખવી રહી હોવાથી આજે સ્વરાજની કે પછી સહકારી ક્ષેત્રની ચુંટણીઓમાં ગામડાઓમાં તાલુકા અને જીલ્લા મથકોએ ચુંટણીમાં ઉમેદવારો ઉભા રાખવાથી માંડી અંતિમ પરિણામો સુધી અનેક પ્રકારના રાજકીય કાવા-દાવા, ખુન, મરકી, મારા-મારી અને કહો કે શામ, દામ, દંડ અને ભેદ સહિતની ખતરનાક રાજનીતિ અપનાવતા જોવા મળે છે. જો કે આ બધુ કરવા પાછળ લોકોની સેવા કે ગામડાના, તાલુકાના કે જીલ્લાનો વિકાસ નહિ પરંતુ ગામડાના વિકાસ પાછળ સરકાર દ્વારા ખર્ચવામાં આવતા લાખો નહિ કરોડો રૂપિયાની ગ્રાન્ટ હોય તેવું જોવા મળે છે.

પવિત્ર પંચાયતી રાજમાં એક ડોકીયું
– ગોરધન પાઘડાર (સિનીયર પત્રકાર)–

આ વાત એટલા માટે યાદ આવી કે અત્યારે હાલમાં સૌરાષ્ટ્રમાં સંખ્યાબંધ ગ્રામ પંચાયતની ચુંટણીનો બરાબરનો માહોલ જામેલો છે જેમાં ઉમેદવારનો એવંમ્ સરપંચ પદ મેળવવા માટે થોકબંધ મુરતીયાઓ ગ્રામ્ય મતદારોની ઘુંટણે પડતા એક શેરીમાંથી બીજી અને ત્રીજી એમાંય દલીત અને છેવાડાના વર્ગોના મતદારોના મતો અંકે કરવા તો અહીં શબ્દો લખી, વાંચી ન શકાય તેવા અધમ પ્રકારના માર્ગો પણ અત્યારથીજ નકકી કરી દીધા હોય તેમ પૈસા પાણીના રેલાની જેમ ઉમેદવારોએ 'ત્રજવા' ઢીલા મુકી દીધાનું વરવું દ્રશ્ય ગ્રામ્ય વિસ્તારમાં જોવા, જાણવા અને અનુભવાતું હોવાનું રાજકીય નિષ્ણાંતોનું એક તારણ જોવા મળે છે.

જૂનાગઢ તાલુકામાં જ નહીં જીલ્લાભરના રાજકારણમાં રાજકીય વજન ધરાવતા એવા ચાર દાયકા પહેલાના મજેવડી ગામની ગ્રામ પંચાયતની ચુંટણીના માહોલની વાત કરીએ તો આ ગામમાં આજથી ચાર દાયકા પહેલા સ્વરાજ કે સહકારી ક્ષેત્રની કયારેયપણ ચુંટણી થયેલ ના હતી. મતલબ કે ગામના આગેવાનો જે આઝાદી કાળથી કર્તા-હર્તા અને સમહાર્તા મનાતા તેવા લોકો બેઠા થાળે ચુંટણીઓ પ્રયોજી લેતા હતા. મોટાભાગે એકજ વ્યકિત સરપંચ અને સભ્યોમાં ચાલી આવતી અને તે પણ ના..ના.. હવે નહીં બીજાને આપો તેવી ખેંચતાણ વચ્ચે.. જયારે આજે જીલ્લા, તાલુકા અને આજુબાજુમાં રાજકીય, સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે ગૌરવવંતુ નામ ધરાવતા મજેવડી ગામમાં જો કોઈ ભુલે ચુકે પગ મુકે તો ગામના પાદર એવંમ્ ઉબેણ નદીનો કાંઠો જોતાજ હૃદયમાંથી શબ્દો સરી પડે.. અર...ર..ર.. આ..જ મજેવડી ગામ છે કે પછી..!

સમજી ગયા હશો કે મજેવડી ગામની આવી અવદશા પાછળ કોણ જવાબદાર હશે? અને ગામમાં કેટલું અને કેવું ગંદુ રાજકારણ એવંમ્ નેતાઓ, આગેવાનો હશે?

આવા એક કાળના ગૌરવવંતા મજેવડી ગામની ગ્રામ પંચાયત કબ્જે કરવા એક બે નહિ ત્રણ મુરતિયાઓની ધર્મપત્નીઓ (સ્ત્રી અનામત હોવાથી) વિરાંગના એવંમ્ 'માં' દુર્ગાનું રૂપ ધારણ કરીને ચુંટણી મેદાનમાં ઉતરી પડી છે.

જેમાં બે મહિલા સરપંચના પતિદેવો રાજકારણના અઠંગ ખેલાડી મતલબ સત્તા, પદ ભોગવી ચુકયા છે. ટુંકમાં ખુરશીનો પાવર કેવો અને કેટલો હોય તેનો સ્વાદ ચાખી ગયેલા હોવાથી સ્ત્રી અનામતના કારણે સરપંચ પદ માટે પોતાની અર્ધાંગનાને ઉતારી છે. તો વળી ત્રીજા સરપંચ પદના મહિલા ઉમેદવારના સસરા મરણપર્યત રાજકારણમાં સક્રિય રહી નાના-મોટા પદનો સ્વાદ ચાખેલો હોવાથી ઘરમાં જ રાજકારણ અને પદ, પૈસા, પ્રતિષ્ઠાનો પાવર દેખી ગયેલા મતલબ કે રાજકારણમાં જ ઉછરેલા હોય તેમ તેમના યુવા પુત્રએ તેમની પુત્રવધૂને ચુંટણી મેદાનમાં ઉતારેલી છે.

જે હોય તે ત્રણેય મહિલા ઉમેદવારના પતિદેવો રાજકારણના 'ખા' મનાતા હોવાથી બરાબરની ત્રિપાંખિયો જંગ મજેવડી ગામમાં મંડાણો છે. કહેવા કરતા ભજીયા, ગાંઠીયા, તવા, પાપડીના તાવડા મંડાણા એમ કહીએ તો આજના રાજકારણમાં ખોટ નથી. જો કે રાષ્ટ્રીય પક્ષ ભાજપ અને કોંગ્રેસના આગેવાનો, નેતાઓ મજેવડી ગ્રામ પંચાયતની ચુંટણી ઉપર રાજકીય મીટ માંડીને બેઠેલા હોવાથી અત્યારથી જ કાવા-દાવા રમાવા માંડેલા છે તે થોડામાં ઘણું કહી જાય છે.

ગાંધીનગરમાં ૨૦ ડિસેમ્બરે યોજાશે ગુજરાતનાં પત્રકારોનું સ્નેહમિલન

કોરોનાથી મોત ને ભેટેલ ગુજરાત નાં ૫૪ પત્રકારો ને સહાય માટે સરકાર ને કરાશે રજૂઆત : પત્રકાર કલ્યાણ નિધી ની થશે ઘોષણા, અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિના નેજા હેઠળ આયોજિત સ્નેહમિલન સમારોહમાં દેશનાં ૨૦ રાજયોના પત્રકાર અગ્રણીઓ ઉપસ્થિત રહેશે : પત્રકાર સુરક્ષા કાનૂન માટે દેશવ્યાપી અભિયાન શરૂ કરવા બેઠકમાં કરાશે મંથન

ગાંધીનગર, તા.૯ પત્રકારોને વિશેષ સુરક્ષા કવચ સ્વરૂપે 'પત્રકાર સુરક્ષા કાનૂન' મળે તે હેતુથી દેશભરમાં અભિયાન ચલાવી ટૂંક સમયમાં દેશનાં સૌથી મોટા પત્રકાર સંગઠન તરીકે ઓળખ ઊભી કરનાર પત્રકાર સંઘ 'અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ'નાં નેજા હેઠળ આગામી ૨૦ ડિસેમ્બર, ૨૦૨૧નાં રોજ ગાંધીનગરનાં સર્કીટ હાઉસખાતે ગુજરાતનાં પત્રકાર મિત્રોનું એક સ્નેહમિલન યોજાઈ રહ્યુ છે જેમાં મોટી સંખ્યામાં ગુજરાતભરનાં પત્રકારો તેમજ સામાજિક-રાજકીય ક્ષેત્રના મહાનુભવો હાજરી આપશે. આ પત્રકાર સ્નેહમિલન કાર્યક્રમમાં કોરોના કાળમાં મોતને ભેટેલ ગુજરાતનાં ૫૪ પત્રકારોને ક્રોરોના વોરિયર ગણી શ્રદ્ધાંજલી અર્પિત કરવામાં આવશે તેમજ આ પત્રકારોને કોરોના વોરિયરનું મરણોત્તર સન્માન આપી તેમનાં પરિજનો ને સરકાર યોગ્ય સહાય ચૂકવે તે માટે સંમેલન બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી રજૂઆત કરવામાં આવશે. સ્નેહમિલનનો ઉદ્દેશ્ય કોરોના કાળ બાદ આર્થિક અને માનસિક મુશ્કેલીનો સામનો કરી રહેલા પત્રકારોમાં પરસ્પર સહયોગ સાથે પારિવારીક ભાવના સહ સંવાદ સ્થાપિત કરવાનો છે. અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા આ સ્નેહમિલન સમારોહમાં પત્રકારો માટે 'પત્રકાર કલ્યાણ નિધી'ની જાહેરાત કરવામાં આવશે જેની મદદથી પત્રકારોને મુશ્કેલ સમયમાં તેમજ કાયદાકિય આંટીઘૂંટીમાં મદદરૂપ બની શકાશે. ગુજરાતનાં આ પત્રકાર સ્નેહમિલન સમારોહમાં દેશનાં વિવિધ રાજ્યોમાં પત્રકારો માટે લડત ચલાવી રહેલ વિવિધ પત્રકાર સંઘો તેમજ અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનાં રાષ્ટ્રિય પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે. ગુજરાતનાં સામાજિક અને રાજકીય ક્ષેત્રના કેટલાક મહાનુભાવોને પણ આ પત્રકાર સ્નેહમિલનમાં વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે. પત્રકારોનું કાયદાકિય માર્ગદર્શન કરવા માટે ગુજરાત હાઈકોર્ટનાં સીનીયર ધારાશાસ્ત્રીઓ પણ આ પત્રકાર સ્નેહમિલન સમારોહમાં હાજરી આપશે. આ પત્રકાર સ્નેહમિલન કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાં 'પત્રકાર સુરક્ષા કાનૂન' બનાવવા માટે દેશવ્યાપી અભિયાનની રૂપરેખા તૈયાર કરી તે દિશામાં મંથન કરવામાં આવશે. ગાંધીનગરમાં આયોજિત આ પત્રકાર મેળાવડાને સફળ બનાવવા અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનાં રાષ્ટ્રિય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયાની રાહબરી હેઠળ સમગ્ર ગુજરાત એબીપીએસએસની ટીમ હાલ જહેમત ઉઠાવી રહેલ છે. કાર્યક્રમ ની વિશેષ વિગતો માટે અજયસિંહ પરમાર (કોષાધ્યક્ષ : એબીપીએસએસ)નો મોબાઈલ ૯૬૨૪૦૨૩૪૯૩ ઉપર સંપર્ક સાધવા માટે એક અખબારી યાદીમાં જણાવાયુછે.

વિદ્યુત સહાયક સહિતની ૩૬૪ પોસ્ટ માટે ભરતી થશે

અમદાવાદ તા. ૯

ગુજરાત ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમીટેડ (GSECL)દ્વારા ૩૬૩ વિદ્યુત સહાકયત (**Vidhyut sahayak Recruitment**), પ્લાન્ટ એટેન્ડન્ટ અને જુનિયર પ્રોગ્રામરની ભરતી બહાર પાડવામાં આવી હતી. અગાઉ આ ભરતીમાં ઓનલાઈન અરજી કરવાની તારીખ હતી તે સમાપ્ત થઈ ગઈ હતી પરંતુ હવે ફરીથી આ નોકરીઓ માટે તા.૧૦-૧૨-૨૦૨૧થી ૧૪-૧૨-૨૦૨૧ માટે ચાર દિવસ સુધી ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. ઈચ્છુક ઉમેદવારો જાહેરાત વાંચી અને ઓનલાઈન અરજી કરી શકે છે.

જગ્યા : આ નોકરી માટે જૂનિયર પ્રોગ્રામરની ૦૯, વિદ્યુત સહાયક (જૂનિયર એન્જિનિયર ઈલેક્ટ્રિકલ ૪૫), વિદ્યુત સહાયક (જૂનિયર એન્જિનિયર મિકેનિકલ ૫૫), વિદ્યુત સહાયક (જૂનિયર એન્જિનિયર આઈસી ૧૯), વિદ્યુત સહાયક (જૂનિયર એન્જિનિયર ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન ૧૦) વિદ્યુત સહાયક (જૂનિયર એન્જિનિયર મેટલર્જી ૦૧), વિદ્યુત સહાયક (જૂનિયર એન્જિનિયર સિવિલ ૨૫), વિદ્યુત સહાયક (પ્લાન્ટ એટેન્ડન્ટ ગ્રેડ-૧ મેકિનિકલ ૬૯) વિદ્યુત સહાયક (પ્લાન્ટ એટેન્ડન્ટ ગ્રેડ-૧ ઈલેક્ટ્રિકલ ૫૦) મળીને ૩૬૪ જગ્યા માટે ભરતી બહાર પાડવામાં આવી છે.

આ નોકરી માટે વિવિધ બ્રાન્ચના વિદ્યુત સહાયક, જૂનિયર પ્રોગ્રામ અને પ્લાન્ટ એટેન્ડન્ટ મુજબ ડિપ્લોમાં એન્જિનિયરીંગથી લઈને ડિગ્રી માંગવામાં આવી છે.

આ ભરતી માટે અરજી કરનારા ઉમેદવારોની એક ઓએનલાઈન પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં સફળ થનારા ઉમેદવારોને ઈન્ટરવ્યૂના માધ્યમથી પસંદ કરવામાં આવશે.

આ નોકરી માટે રસધરાવતા ઉમેદવારોએ **www.gsecl.in** ઉપર ક્લિક કરી અને ૧૦-૧૨-૨૦૨૧થી ૧૪-૧૨-૨૦૨૧ સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારોએ તમામ સૂચના વાંચી અને અરજી કરવાની રહેશે.

આ નોકરી માટે વિવિધ પોસ્ટ ઉપર વિવિધ પગાર આપવામાં આવશે. જૂનિયર પ્રોગ્રામરની પોસ્ટ માટે સૌથી વધારે ૪૫,૪૦૦ રૂપિયા પગાર મળી રહ્યો છે જયારે વિદ્યુત સહાયક જુનિયર એન્જિનિયર માટે શરૂઆતમાં ૩૭,૦૦૦ રૂપિયા પગાર મળી રહ્યો છે.

'થ્રિપ્સ'ના ઉપદ્રવને કારણે આંધ્રપ્રદેશ-તેલંગણાના મરચાના ખેડૂતોને રૂા.૩ હજાર કરોડના નુકશાનનો સામનો કરવો પડશે

ખેડુતો આ ઉપદ્રવને નિયંત્રણમાં લઈ શકે એમ નથી, કારણ કે બજારમાં વૈકલ્પિક જંતુનાશક ઉપલબ્ધ નથી: ઉપદ્રવને કરાણે ૫ લાખ હેકટરમાં મરચાના પાકને અસર થઈ

અમદાવાદ તા. ૯

આંધ્રપ્રદેશ/ તેલંગણામાં મરચના ખેડુતો થ્રીપ્સ મહામારી (કીડાના ઉપદ્રવ)નો કારણે ગંભીર સમસ્યાનો સામનો કરે છે. જેનાથી ચાલુ સિઝન દરમ્યાન આશરે ૫ લાખ હેકટરને અસર થઈ છે. આકારણે ખેડુતોને રૂા.૩૦૦૦ કરોડનું નુકશાન થવાની અપેક્ષા છે. જેના કારણે ખેડુતોની આજીવિકા ઉપર અસર થવાની શકયતા છે.

ખેડુતો કોઈપણ અસરકારક જંતુનાશક ધરાવતા નથી, જે હાલ થ્રિપ્સ મહામારીનો નિયંત્રણમાં લઈ શકે. અગાઉ ફોસેલોન અને ડીડીવીપી જેવા જંતુનાશકોને કારણે મરચામાં થ્રિપ્સના ઉપદ્રવ અને ચોખા ઉપર બીપીએચ ઉપર અસરકારક નિયંત્રણ સ્થાપિત થયું હતું. જેનો તબકકાવાર રીતે ઉપયોગ બંધ થઈ ગયો છે અથવા નિયમનકારોએ એના ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. આ બંને ઉત્પાદનો જંતુનાશકો ઉપર કામ કરવાની વિશિષ્ટ પધ્ધતિ ધરાવતા જુથો સાથે સંબંધીત છે જે થ્રિપ્સ, બીપીએચ, કપાસમાં પિન્ક બોલવોર્મ વગેરે જેવા કીડાઓ ઉપર ઉત્કૃષ્ટ નિયંત્રણ આપેછે. ખેડુતો નિયમનકારોના નિર્ણયોની નુકશાનકારક અસરોનો સામનો કરે છે. નિયમનકાર સંસ્થાઓએ ઉત્પાદનની અસરની આકારણી કર્યા વિના પ્રતિબંધ મુકવાનો નિર્ણય લીધો છે. જેનાથી ખેડુતોની આવક અને એની આજીવિકાને નુકશાન થવાની સંભાવના છે, જે ગંભીર આર્થિક સમસ્યા તરફ દોરી શકે છે. નિયમનકારોએ તેમની સમીક્ષામાં સાધારણ નિવેદન આપ્યું છે કે, વિકલ્પો ઉપલબ્ધ છે. તેમણે ચોકકસ જીવાતો સામે ઉત્પાદનની અસરકારકતા ઉપર વિગતવાર વિશ્લેષણ કર્યુ નથી અને ખેડુતોને ખર્ચાળ વિકલ્પોના વ્યાજબીપણાની સમીક્ષા કરી નથી.

જૂનાગઢ : ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમિતિ દ્વારા વીજ ક્ષેત્રના ખાનગીકરણ સામે વિરોધ પ્રદર્શન

જૂનાગઢ તા. ૯

ભારત સરકારના ઉર્જા વિભાગ દ્વારા ઈલેકટ્રીસીટી એમેન્ડમેન્ટ બીલને નોટીફાઈડ કરવામાં આવેલ છે. જેને લીધે વીજ ક્ષેત્રની જનરેશન, ટ્રાન્સમીશન, ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓના તમામ વિભાગોને ખાનગીકરણ તરફ લઈ જવાની વિચારણા હાથ ધરાઈ છે. આ નિર્ણય સામે ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમિતિના નેજા હેઠળ અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ અને જીઈબી એન્જીનીયર એસોસીએશનનાં કર્મચારી/ અધિકારીઓ દ્વારા જૂનાગઢ સહિત દરેક સર્કલ, ડીવીઝન ઓફીસ તથા પાવર સ્ટેશનનાં સ્થળે ભેગા થઈ ગત તા.૮-૧૨-૨૧ ના રોજ રીશેષ સમય દરમ્યાન સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. આ ઉપરાંત વીજ ક્ષેત્રના ખાનગીકરણ અંગે સત્ય હકીકતો અને ગ્રાહકો તેમજ કર્મચારીઓમાં જાગૃતતા લાવવા માટેનું અભિયાન હાથ ધરાયું છે. આ વિરોધ પ્રદર્શનમાં એચ.જી. વઘાસીયા, એમ.એન. મંડોરા, ડી.ડી. વીંછી, જે.કે. ચાવડા, જે.જે. સોલંકી, વી.બી. ખુંટ, જે.એન. ખંધેરીયા સહિતના કર્મચારીઓ જોડાયા હતા.

ટ્રેક્ટર ખરીદવા માટે ખેડૂતોને ૫૦ ટકા રકમ આપશે સરકાર

નવી દિલ્હી તા. ૯

કેન્દ્રની મોદી સરકાર ખેડૂતોની આવક વધારવા માટે સતત પ્રયાસ કરી રહી છે. સરકાર ખેડૂતોને આર્થિક મદદ કરવા માટે સતત અનેક યોજનાઓ ચલાવી રહી છે. ખેડૂતોને ખેતી માટે ખાતર ઉપરાંત અનેક પ્રકારના મશીનોની પણ જરૂર પડે છે. ખેડૂતોની મદદ માટે કેન્દ્ર સરકારે ટ્રેક્ટરની ખરીદી પર સબસિડી આપવાની યોજના શરૂ કરી છે.

જેથી ખેડૂતો ટ્રેક્ટરની મદદથી મહત્તમ ઉત્પાદન મેળવી શકે. આ યોજના પીએમ કિસાન ટ્રેક્ટર યોજના' તરીકે જાણીતી છે. ચાલો આ યોજના વિશે વિગતવાર જાણીએ.

ખેડૂતોને મદદ કરવા તત્પર છે. સરકાર વાસ્તવમાં સરકાર ખેડૂતોની આવક વધારવાનો પ્રયાસ કરી રહી છે. આ ક્રમમાં સરકારે ખાતર, બિયારણ, ટ્રેક્ટર યોજનાઓ શરૂ કરી છે. ખેડૂતો માટે ખેતી માટે ટ્રેક્ટર ખૂબ જ જરૂરી છે. પરંતુ ભારતમાં એવા ઘણા ખેડૂતો છે જેમની પાસે આર્થિક સંકડામણના કારણે ટ્રેકટર નથી. આવી વિકટ પરિસ્થિતિમાં તેઓ ટ્રેક્ટર ભાડે રાખે છે અથવા બળદનો ઉપયોગ કરે છે.

આવી સ્થિતિમાં ખેડૂતોની મદદ માટે સરકાર આ યોજના લાવી છે. પીએમ કિસાન ટ્રેક્ટર યોજના હેઠળ ખેડૂતોને અડધી કિંમતે ટ્રેક્ટર આપવામાં આવશે. કેન્દ્ર સરકાર ખેડૂતોને ટ્રેક્ટર ખરીદવા માટે સબસિડી (પીએમ કિસાન ટ્રેકટર યોજના) આપે છે. આ અંતર્ગત ખેડૂતો અડધી કિંમતે કોઈપણ કંપનીના ટ્રેક્ટર ખરીદી શકશે. બાકીની અડધી રકમ સરકાર સબસિડી તરીકે આપેછે. આ સિવાય ઘણી રાજ્ય સરકારો પોતાના સ્તરે ખેડૂતોને ટ્રેકટર ઉપર ૨૦ થી ૫૦ ટકા સબસિડી પણ આપે છે.

આ સબસિડી સરકાર દ્વારા માત્ર ૧ ટ્રેક્ટરની ખરીદી ઉપર જ આપવામાં આવશે. આ માટે ખેડૂત પાસે જરૂરી ડોક્યુમેન્ટ તરીકે આધાર કાર્ડ, જમીનના કાગળો, બેંકની વિગતો, પાસપોર્ટ સાઈઝનો ફોટો હોવો જોઈએ. આ યોજના હેઠળ ખેડૂતો કોઈપણ નજીકના **CSC** કેન્દ્રની મુલાકાત લઈને ઓનલાઈન અરજી કરી શકે છે.

ઈઝરાયલે દુશ્મનનો ખાતમો કરવા બનાવી લોખંડની દિવાલ

મે મહિનામાં હમાસ અને પેલેસ્ટાઈન વચ્ચે ભીષણ યુદ્ધ થયું હતું હમાસે ઈઝરાયેલ ઉપર હજારો રોકેટથી હુમલા કર્યા હતા

જેરૂસલેમ તા. ૯

હમાસના હુમલાથી બચવા માટે ઈઝરાયેલે ૬૫ કિલોમીટર લાંબી 'લોખંડની દીવાલ'નું નિર્માણ પૂર્ણ કર્યું છે. આ હાઈટેક દીવાલ અંડરગ્રાઉન્ડ સેન્સર, રડાર અને કેમેરાથી સજ્જ છે. ગાઝા બાજુથી આ દીવાલને પાર કરવાનો કોઈપણ પ્રયાસ દુશ્મન ઈઝરાયલી સુરક્ષા દળોની નજરોમાં આવી જશે અને આંખના પલકારામાં જ તેમનો ખાતમો થઈ જશે.

ઈઝરાયેલ તેને એક બેરિયર ગણાવી રહ્યું છે, જેનું નિર્માણ લગભગ સાડા ત્રણ વર્ષ બાદ પૂર્ણ થયું છે. ૨૦૦૭માં હમાસ શાસન આવ્યું ત્યારથી ઈઝરાયલે ગાઝા ઉપર નાકાબંધી કરી છે. આ અંતર્ગત સામાન અને લોકોની અવરજવર પર કડક નિયંત્રણો મુકવામાં આવ્યા છે.

ગાઝા શહેરમાં લગભગ ૨૦ લાખ લોકો રહે છે અને તેમને આ ઈઝરાયેલી પ્રતિબંધોમાંથી પસાર થવું પડે છે.

ઈઝરાયેલના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે ૬૫ કિલોમીટર લાબા બેરિયરનું કામ પૂરૂં થઈ ગયું છે.

રક્ષા મંત્રાલયે કહ્યું કે તેમાં સેન્સર સાથે અન્ડરગ્રાઉન્ડ બેરિયર, ૬ મીટર ઉંચી સ્માર્ટ વાડ, રડાર, કેમેરા અને મેરીટાઈમ સર્વેલન્સ સિસ્ટમ પણ સામેલ છે. ઈઝરાયેલના રક્ષા મંત્રી બેની ગેન્ટ્ઝે જણાવ્યું હતું કે આ ઢાંચો દક્ષિણ ઈઝરાયેલના લોકો અને આતંકવાદી સંગઠન હમાસ વચ્ચે લોખંડની દીવાલનું કામ કરશે.

ઈઝરાયેલે પોતાના નાગરિકોને ચેતવણી આપી હતી કે હમાસ ગાઝામાંથી ટનલ મારફતે ઈઝરાયેલના વિસ્તારમાં ઘૂસણખોરી કરીને હુમલા કરી શકે છે. ગેન્ટ્ઝે કહ્યું કે બેરિયર ઈઝરાયેલી નાગરિકોને સુરક્ષાનો અનુભવ કરાવશે. ઈઝરાયેલે વેસ્ટ બેંક વિસ્તારમાં પણ આવી જ દીવાલ બનાવી છે.

કોમ્પ્યુટર પ્રોજેકટમાં ડેટા એન્ટ્રી માટેનાં કોન્ટ્રાકટનાં બહાને ૩.૪.૮૪ લાખથી વધુની છેતરપીંડી

જૂનાગઢનાં શખ્સે ત્રણ વ્યકિતઓ સાથે વિશ્વાસઘાત કર્યો, પોલીસ ફરીયાદ

જૂનાગઢ તા. ૯

જૂનાગઢમાં શિવમ, સીટી બસ કોલોની શેરી નં.૫, સિંધી સોસાયટી રોડ, ગાંધીગ્રામ રહેતા નિરવભાઈ પિયુષભાઈ ચાવડા સાથે આરોપી પ્રતિકભાઈ સતિષકુમાર જનાણીએ કોમ્પ્યુટર પ્રોજેકટમાં ડેટા એન્ટ્રી માટેનો કોન્ટ્રાકટ એકસપ્રેસ સિકપ્ટસ મીજરી સ્ટેટ યુએસએ કંપનીનો પ્રોજેકટનો કોન્ટ્રાકટ રાખવાનું જણાવી વધુ પૈસા કમાવવાની લાલચ આપી પ્રોજેકટનાં રૂપિયા તથા પ્રોજેકટની ડીપોઝીટનાં પૈસા મળી કુલ રૂા. ૪,૮૪,૯૫૮ આજદિન સુધી નાહી આપી વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ, તેમજ સાહેદ હિરેનભાઈ વાસુદેવભાઈ મેહતા તથા ગીરીશભાઈ પરસોતમભાઈ સાથેપણ કોમ્પ્યુટર પ્રોજેકટનો કોન્ટ્રાકટ રાખવાનું જણાવી વધુ પૈસા કમાવવાની લાલચે પૈસા નહી આપી વિશ્વાસઘાત, છેતરપીંડી કરી હતી. આ બનાવમાં સી ડીવીઝન પોલીસે નીરવભાઈ ચાવડાની ફરીયાદનાં આધારે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ જે.જે. ગઢવી ચલાવી રહેલ છે.

જૂનાગઢમાં લુંટનાં કેસમાં ખોટું નામ આપવા પ્રશ્ને ખાર રાખી ધમકી - હવામાં ફાયરીંગ કર્યાની ફરીયાદ

જૂનાગઢ તા. ૯

જૂનાગઢનાં માત્રી રોડ, કુંભાર વાડા વડલા પાસે સુખનાથ ચોક ખાતે રહેતા રૂા૨ ફરિયાદી ભાઈ અબ્દુલકાદરભાઈ રવન્ના ઘાંચીએ પોલીસમાં એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, હસના ઉર્ફે ટકો ઈબ્રાહીમભાઈ ભટ્ટી રહે. સુખનાથ ચોક, માત્રી રોડ, અકબરી એપાર્ટમેન્ટ પાછળ વાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપી અગાઉ લુંટના કેસમાં પકડાયેલ હતો ત્યારે નામ ખોટું આપેલ હોય જે વાતનો ખાર રાખી આરોપી ફરીયાદીના ઘરે આવી જેમ ફાવે તેમ ગાળો દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી અને અકબરી એપાર્ટમેન્ટ પાસે જઈ આરોપીએ જાહેરમાં તેમની પાસેનાં હથિયાર વડે હવામાં ફાયરીંગ કરી ગુનો કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ આર્મ્સ એકટ-૨૫(૧)બી ૨૭, ઈપીકો ક. ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એ.બી. દત્તા ચલાવી રહયા છે.

સોમનાથ ત્રિવેણી સંગમ નદીમાં ૬ લોકો ડૂબ્યા : એનડીઆરએફની ટીમે દોડી જઇ દિલધડક રેસ્કયુ કરી બચાવી લીધા : અંતે તંત્રએ મોકડ્રીલ જાહેર કરી

એનડીઆરએફનાં જવાનોએ ત્રિવેણી સંગમમાં પૂરની સ્થિતિમાં ઘરગથ્થુ વસ્તુઓના ઉપયોગથી બચવાનું નિદર્શન કર્યુ ઈમરજન્સી ઘટના સમયે તંત્રની સતર્કતા ચકાસવા માટે પ્રાંત અધિકારીના માર્ગદર્શનમાં મોકડ્રીલ કરવાનું આયોજન કરેલ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૯

જગવિખ્યાશત સોમનાથ સાંનિધ્યે ત્રિવેણી સંગમમાં ગઈકાલે બપોરના સમયે છ યુવકો ડુબી રહયાની જાણ તંત્રને થઈ હતી. જેના પગલે તાબડતોડ એનડીઆરએફ ની ટીમને બોલાવી રેસ્કયુ ઓપરેશન હાથ ધરી ડુબી રહેલ છએય લોકોને બચાવી લીધા હતા. આ બચાવ કાગમીરીમાં પાલીકા, પોલીસ, ૧૦૮ સહિત તંત્રના સંબંધિત તમામ વિભાગો સમયસર ત્રિવેત્રઘાટે પહોંચી જઈ જોડાયા હતા. અંતમાં આ સમગ્ર ઘટના ઈમરજન્સીત ઘટનાઓના સમયે સંબંધિત વિભાગોની સતર્કતા ચકાસવા માટે મોકડ્રીલ રૂપે કરાયુ હોવાનું જાહેર કરાયુ હતું.

સોમનાથ સાંનિધ્યે આવેલ પવિત્ર ત્રિવેણી સંગમ ઘાટ ઉપર ગઈકાલે બપોરના સમયે અમુક લોકો ડુબી રહયા હોવા અંગે સ્થાનીકો દ્વારા તંત્રને જાણ કરવામાં આવી હતી. જેથી ચીફ ઓફીસર દેવીબેને બચાવ કાર્ય કરવા માટે એનડીઆરએફ ની ટીમને જાણ કરી હતી. જેથી ટીમ ત્વરીત સમયમાં ઘાટ ઉપર પહોંચી ત્રિવેણી નદીમાં ડુબી રહેલ લોકોને બચાવવા માટે રેસક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ બચાવ કામગીરીમાં ત્રિવેણી સંગમ નદીની મધ્યેથી એનડીઆર એફના જવાનાએ ત્રણ લોકોને રબર બોટના માધ્યમથી અને ત્રણ લોકોને તરીને ત્રિવેણી સંગમના કિનારે લાવીને બચાવ્યા હતા. આ લોકો કિનારે પહોંચતા જ અગાઉથી જાણ કરી હોવાથી હાજર ૧૦૮ અને આરોગ્ય સ્ટાફે જરૂરી પ્રાથમીક સારવાર આપી હતી. જેમાના એક વ્યક્તિને એમ્બ્યુલન્સના માધ્યમથી સિવીલ હોસ્પિટલે ખસેડવા રવાના કરવામાં આવેલ હતા. ઘટનાના પગલે દોડી આવેલ તંત્રના અધિકારીએ આ ઘટના મોકડ્રીલ હોવાનું જાહેર કર્યુ હતું.

આ અંગે પ્રાંત અધિકારી સર્યુબેન ઝણકાંટએ જણાવેલ કે, ત્રિદવેણી સંગમમાં ભારે પૂર આવ્યુ હોય અને જળસ્તર વધી જાય છે એવા સમયે ડુબવા જેવી કોઈ દુર્ઘટના બને ત્યારે સંબંધિત એનડીઆરએફ, નગરપાલિકા, ફાયર, આરોગ્ય, પોલીસ સહિતના વિભાગોની સતર્કતા ચકાસવા સરકારની સુચના મુજબ મોકડ્રીલ કરવામાં આવી હતી. જેમાં તમામ વિભાગોએ તેમની ઈમરજન્સી સમયની ફરજ બજાવતા મોકડ્રીલ સફળ રહી છે. જયારે એનડીઆરએફ બટાલિયનના ઈન્સ્પેકટર રાજેશ કુમાર મહલાવતે જણાવેલ કે, આ પ્રકારની એકસરસાઈઝમાં જુદા-જુદા સરકારી વિભાગો વચ્ચે તાલમેલ અને રિસપોન્સ ટાઈમ મહત્વનો હોય છે. આ મોકડ્રીલના માધ્યમથી એનડીઆરએફ સહિત સરકારની સંબંધિત વિભાગોની સતર્કતા અને કાર્યક્ષમતાનું પરીક્ષણ કરવામાં આવતું હોય છે. જેથી કુદરતી આપત્તીઓના સમયમાં સુદ્રઢ રીતે બચાવ કામગીરી કરી શકાય. આ રેસ્કયુ ઓપરેશનમાં એનડીઆરએફને ત્રિવેણી સંગમમાં લોકો ડૂબી રહ્યા હોવાનો મેસેજ મળતા રબર બોટ, લાફઈ સેવિંગ જેકેટ સહિતના ઈકવીપમેન્ટ સાથે પહોંચી સફળાપૂર્વક ૬ લોકોના રેસક્યુ કરી બચાવી લેવાની કામગીરી કરી છે.

આ તકે એનડીઆરએફના જવાનાએ ઘરગથ્થુ વસ્તુઓ જેવી કે, પ્લાસ્ટિક બોટલ, વાસણ, સૂકા નાળીયર વગેરેના માધ્યમથી કેવી રીતે પૂરની સ્થિતિમાં લોકો પોતાનો સ્વસયં બચાવ કરી શકે તેનુ ત્રિવેણી સંગમ ઘાટ ઉપર નિદર્શન કર્યું હતું.

આ મોકડ્રીલમાં કમાન્ડિંગ ઓફિસર તરીકે વેરાવળ પાલિકાના ચીફ ઓફિસર દેવીબેન રહ્યા હતા.

ભવનાથ ઉતારા મંડળની યોજાયેલ મીટીંગમાં પ્રમુખ તરીકે લક્ષ્મણભાઈ પિઠીયાની વરણી કરાઈ

જૂનાગઢ તા. ૯

ઉતારા મંડળ ભવનાથના ટ્રસ્ટી મંડળની મીટીંગ તાજેતરમાં યોજાયેલ હતી. જેમાં ઉતારા મંડળ ભવનાથના નવા પ્રમુખ તરીકે આહિર સમાજના સૌરાષ્ટ્રના અગ્રણી ઉદ્યોગપતિ લક્ષ્મણભાઈ પિઠીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ભાવેશભાઈ વેકરીયાએ જણાવેલ હતું કે, ઉતારા મંડળ હંમેશા સરકાર-તંત્ર અને પ્રજાની જોડતી કડી રહયું છે. ત્યારે આવનારા સમયમાં સંસ્થા નિઃશુલ્ક ચાલતા અન્નક્ષેત્રો અને ઉતારા મંડળોને પડતી પારાવાર મુશ્કેલીઓનો વહેલી તકે નિકાલ કરી મહાદેવ સ્વરૂપ ગિરનારી મહારાજની આરાધના કરવા આવતા લાખો-કરોડો ભાવિક ભકતજનોને ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમમાં આધ્યાત્મિક જ્ઞાનરૂપી સ્નાન કરી તૃમ બનશે તેવો વિશ્વાસ છે.

આ મીટીંગમાં ઉતારા મંડળના તત્કાલીન કાર્યકારી પ્રમુખ કાળાભાઈ સિંધલ, માર્ગદર્શક નાગદાનભાઈ ડાંગર, મંગલનાથ બાપુની જગ્યા ભવનાથના પ્રમુખ અને તાલાળાના ધારાસભ્ય ભગાભાઈ બારડ, ઉદ્યોગપતિ હમીરભાઈ બારડ, ઉતારા મંડળના સમગ્ર ટ્રસ્ટી મંડળના મગનભાઈ સાવલીયા, હરેશભાઈ ઠુંમર, ગોવિંદભાઈ વેગડ, પ્રવિણભાઈ સોજીત્રા, લાલજીભાઈ અમરેલીયા અને હરેશભાઈ ઘોડાસરા પણ ઉપસ્થિત રહયા હતા.

પરિક્રમા દરમ્યાન ખુન કરી અને નાસી છૂટેલા આરોપીને બે વર્ષે ઝડપી લેતી જૂનાગઢ પોલીસ

પીસ્તોલ કબજે કરાય : આરોપી પાંચ દિવસનાં રીમાન્ડ ઉપર

જૂનાગઢ તા.૯

જૂનાગઢ રેંજના ડીઆઈજી મનીંદર પ્રતાપસિંહ પવાર તથા જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ખાસ ઝુંબેશ રાખવામાં આવેલ છે અને તમામ પોલીસ અધિકારીઓ ભૂતકાળના ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓની તપાસ હાથ ધરી, પકડી પાડવા માટે સુચનાઓ કરવામાં આવેલ છે. જૂનાગઢ ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે સને ૨૦૧૯ની સાલમાં તા.૫-૧૧-૨૦ના રોજ લીલી પરિક્રમા દરમ્યાન આગલા દિવસે ભવનાથ તળેટીના સુદર્શન તળાવના કાંઠા પાસે, ફરિયાદી ઓમગીરી ગુરૂ મહંત ગિરધરગીરી નાગા સન્યાસી સાધુ ઉવ.૬૦ રહે.ભૈરવગુફા, સુંધાપર્વત, સુંધામાતાજી, દાતલાવાસ ગામ જી.ઝાલોર રાજસ્થાન તથા તેમના ભત્રીજા ચેલા કેવલગીરી ગુરૂ કમલગીરી સાથે ભવનાથ મંદિરે તથા જુના અખાડે દર્શન કરી, સુદર્શન તળાવના કાંઠે રાજનારાયણગીરી ઉર્ફે લંબુગીરીની કુટિયા ઝુંપડી ઉપર ગયેલા અને ત્યાં જીતેન્દ્રગીરી ઉર્ફે સૌરવગીરીની પાસે રહેલ પિસ્તોલને લંબુગીરી દ્વારા ચેક કરતા, ફાયરિંગ થતા, કેવલગીરીને ઈજા થતાં, સારવાર દરમ્યાન મૃત્યું થયેલ હતું. આ બાબતે ફરિયાદી ઓમગીરી ગુરૂ મહંત ગિરધરગીરી દ્વારા ફરિયાદ ભવનાથ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવતા, જે તે વખતે આરોપી રાજ નારાયણ ગિરી ઉર્ફે લંબુગીરી ગુરૂ મનમોહનગીરી રહે. ભવનાથ મંદિરની પાછળ, ત્રિકમ સાહેબની જગ્યા પાસે, ભવનાથ જૂનાગઢને પકડી પાડી, ધરપકડ કરવામાં આવેલ હતી તેમજ દેશી બનાવટની પિસ્તોલ કબજે કરવામાં આવેલ હતી. આ ગુન્હાની તપાસ દરમ્યાન આરોપી જીતેન્દ્ર ભારતી ઉર્ફે સૌરવગીરી ગુરૂ પ્રેમભારતી રહે. નિરંજની અખાડા, ભવનાથ, જૂનાગઢનું આ ગુન્હામાં નામ ખુલતા, નાસી ગયેલ હતો અને પોલીસ જયારે જયારે તપાસ કરવા જાય ત્યારે મળી આવતો ના હતો અને ધરપકડ ટાળવા છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ હતો. જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે રાખેલ ખાસ ઝુંબેશના ભાગરૂપે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને મળેલ બાતમી આધારે તેમના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ કાઈમ બ્રાન્ચના પીઆઈ એચ.વી.ભાટી, પીએસઆઈ એ.ડી.વાળા, ડી.જી.બડવા તથા સ્ટાફના હે.કો. વિક્રમભાઈ, સાહિલભાઈ, યશપાલસિંહ, કરશનભાઈ સહિતની ટીમ દ્વારા છેલ્લા બે વર્ષથી વોન્ટેડ નાસતો ફરતો આરોપી જીતેન્દ્ર ભારતી ઉર્ફે સૌરવગીરી ગુરૂ પ્રેમભારતી ઉવ.૩૫ રહે. નિરંજની અખાડા, ભવનાથ, જૂનાગઢને ગીર-સોમનાથ જિલ્લાના વેરાવળ પાટણના ઈન્દ્રોય ગામ ખાતે આવેલ ચામુંડા માતાજીના આશ્રમ ખાતેથી પકડી પાડી, રાઉન્ડ અપ કરવામાં આવેલ છે. જેનો કોરોના ટેસ્ટ કરાવી, ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.સી.ચુડાસમા તથા સ્ટાફ દ્વારા ધરપકડ કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપી જીતેન્દ્ર ભારતી ઉર્ફે સૌરવગીરી ગુરૂ પ્રેમભારતી રહે. નિરંજની અખાડા, ભવનાથ, જૂનાગઢની જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.સી.ચુડાસમા તથા સ્ટાફના હે.કો. યુસુફભાઈ, ભીમભાઈ, રામદેભાઈ, રાજુભાઈ સહિતની ટીમ દ્વારા પ્રાથમિક પૂછપરછમાં પોતે જ્યારથી ગુન્હો દાખલ થયેલ ત્યારથી ભવનાથ છોડી નાસી જઈ, ગીર-સોમનાથ જિલ્લાના ગીર ગઢડાના જંગલ વિસ્તારમાં લંબે હનુમાનની જગ્યામાં અને ત્યારબાદ ઈન્દ્રોય ગામે રોકાયેલ હતો. પોતે આ ગુન્હામાં પકડાયેલ હથિયાર તથા કાર્ટીસ મધ્યપ્રદેશના સ્વામી પાર્થ પાસેથી લાવેલાનું જણાવતા, પોલીસ દ્વારા વધુ પૂછપરછ હાથ ધરવામાં આવેલ છે તેમજ પોલીસ રિમાન્ડ મેળવવા નામદાર કોર્ટમાં રજૂ કરી, દિન પના પોલીસ રિમાન્ડ ઉપર મેળવી વધુ તપાસ હાથ ધરી, હથિયાર આપનાર પાર્થ સ્વામીને પકડી પાડવા કાર્યવાહી ધરવામાં આવેલ છે.

બિલખા તાબાનાં બંધાળા ગામે વિજ ચેકીંગ કરતી વખતે ફરજમાં રૂકાવટ

જૂનાગઢ તા. ૯

માણાવદર પેટા વિભાગીય કચેરી-૨ પીજીવીસીએલનાં કૌશલ નવિનચંદ્ર કારેલીયા (ઉ.વ.૩૦)એ કાંતિભાઈ ઉર્ફે કાળુભાઈ માધાભાઈ વાળા, એક મહિલા તથા એક છોકરો, એક છોકરી વગેરે સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, ફરીયાદી તથા સ્ટાફ વિજ ચેકીંગની ડ્રાઈવમાં આ કામનાં આરોપીની ઘરે જતાં વિજ ચોરી હોવાનું માલુમ પડતા કાર્યવાહી કરવામાં આવતા આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ ફરજમાં રૂકાવટ કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવતા બિલખા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ : દુકાનનાં કાઉન્ટર ઉપરથી મોબાઈલની ચોરી

જૂનાગઢ તા. ૯

જૂનાગઢનાં પંચહાટડી ચોકમાં રશ્મીન હોઝીયરી નામની દુકાનનાં કાઉન્ટર ઉપરથી કોઈ અજાણ્યો શખ્સ રૂા. ૧૫ હજારની કિંમતનાં મોબાઈલની ચોરી કરી જતાં દુકાન માલીક અજયભાઈ રાજેન્દ્રભાઈ ઉનાડકટે એ ડીવીઝન પોલીસમાં અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે.

દાતાઓ તરફથી મળેલ વસ્તુઓને જરૂરીયાતમંદ લોકો સુધી પહોંચાડતા ઓન્લી ઈન્ડીયન

જૂનાગઢ તા. ૯

શિયાળાની ઋતુમાં વનમેન એનજીઓ ઓન્લી ઈન્ડીયન દ્વારા દાતા વિપુલભાઈ વાજા દ્વારા મળેલ કપડા જરૂરીયાતમંદ લોકોને પહોંચાડયા હતાં. જયારે ૩ યુવાનો દ્વારા પોતાના ખર્ચે ખરીદેલ નવા ધાબળા-૪૦ નાના મોટા બાળકોનાં સ્વેટર-૪૦ ઝુંપડામાં રહેતા જરૂરીયાતમંદ લોકોને પહોંચાડયા હતાં. તેમજ યુકે લંડન ખાતે રહેતા એનઆરઆઈ જયોતીબેના કૌશિકભાઈની મેરેજ એનીવર્સરી નિમિત્તે ૧૦ કિલો બુંદી લાડુ પણ ગરીબ બાળકો, પરીવારને ઓન્લી ઈન્ડીયને પહોંચાડયા હતાં.

:: અવસાન નોંધ ::

ધીયાવડ નિવાસી માજીરાજબા બહાદુરસિંહ ઝાલા (ઉ.વ. ૯૬) તે વિક્રમસિંહ બહાદુરસિંહ ઝાલા, પૃથ્વીરાજસિંહ બહાદુરસિંહ ઝાલા, રણજીતસિંહ બહાદુરસિંહ ઝાલા, નરેન્દ્રસિંહ બહાદુરસિંહ ઝાલાના માતા, વિજયસિંહ વિક્રમસિંહ ઝાલાનાં દાદીમા તા. ૭-૧૨-૨૧ને મંગળવારનાં રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદગતની ઉત્તરક્રિયા તા. ૧૭-૧૨-૨૧ શુક્રવારે મુ. ધીયાવાડ (તા. વાંકાનેર) મુકામે રાખેલ છે.

એમીક્રોન બાબતે માહિતીગાર કરતાં ડો. જગદીશ દવે

જૂનાગઢ તા. ૯

સમગ્ર વિશ્વમાં એમીક્રોન વાયરસ તબાહી મચાવવા તૈયારી કરી રહયો છે ત્યારે ભારતમાં અને ગુજરાતમાં પણ એમીક્રોન વાયરસે દેખા દીધી છે. આ બાબતને ગંભીર ગણી અને આવનારા મેડીકલ ઈમરજન્સીને ધ્યાનમાં લઈ જૂનાગઢ જીલ્લામાં સૌ પ્રથમ જૂનાગઢ રેડક્રોસ શાખામાં પ્રાથમિક સારવારનાં કોર્ષ અંતર્ગત ઉપસ્થિત તાલીમ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સેંટજહોન એમ્બ્યુલન્સનાં તબીબ પ્રાધ્યાપક ડો. જગદીશ દવે દ્વારા એમીક્રોન બાબતે સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. જીલ્લાક્ષાએથી આવેલ તાલીમાર્થીઓ પોતાનાં વતનમાં જઈ આ બાબતે સૌને માહિતગાર કરે તે બાબતે ડો. જગદીશ દવેએ અનુરોધ કર્યો હતો.

માંગરોળ : પર્યાવરણ સંસ્થા દ્વારા જન્મદિવસની અનોખી ઉજવણી

માંગરોળ તા.૯ : છેલ્લા બે દશકથી માંગરોળ નગર અને પંથક વિસ્તારમાં પર્યાવરણ જતન માટે સમર્પિત સંસ્થા સંજીવની નેચર ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી ઉદ્ઘોષક રમેશભાઈ જોશીની ષષ્ઠીપૂર્તિની ઉજવણી અતિ વિશેષરૂપે કરાઈ હતી. તેમાં વૃક્ષારોપણ અને પંખીનાં માળા વિતરણ જેવા કાર્યક્રમો યોજેલ હતા. તેઓનાં ૬૧માં જન્મદિવસે સંસ્થાનાં નરેશભાઈ ગોસ્વામી, નિલુભાઈ રાજપરા, વૈષ્ણવ બંધુઓ, પંકજભાઈ રાજપરા તથા અનીશભાઈ ગૌદાણા દ્વારા રમેશભાઈ જોશીની અનેકવિધ સેવાઓ બદલ શાલ, ઉપરણ તથા પંખીઓની પ્રતિકૃતિ અર્પણ કરીને સવિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. પાંચ વર્ષ પૂર્વે મામલતદાર કચેરી પરિસરમાં તેઓનાં હસ્તે રોપેલ ચંદનનો છોડ આજે સાડા સાત ફુટ જેટલો વિકાસ પામ્યો છે. આ વિસ્તારની કોઈપણ ધાર્મિક સાંસ્કૃતિક, સામાજીક કે શૈક્ષણિક સેવા પ્રવૃતીઓમાં સદૈવ સમર્પિત રમેશભાઈનું નગરજનોએ બિરદાવીને બહુમાન કરેલ છે.

ઉનામાં પોલીસની મીઠી નજર હેઠળ માઈનીંગ ચોરીનો સીલસીલો જારી

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૯

ઘણા સમયથી ઉના પંથકમાં માઈનિંગ ચોરી થતી હતી પરંતુ અમુક જાગૃત નાગરિકના હિસાબે માઈનિંગ ચોરી કરવાનું બંધ કરેલ પરંતુ હવે ફરીથી ઉના પીઆઈ ચૌધરીની મહેરબાનીથી ફરીથી માઈનિંગ ચોરી ચાલું થયેલછે જે ઉના શહેરની નજીક ગીરગઢડા રોડની નજીક અને બાયપાસની વચ્ચે પીઆઈ ચૌધરીની સાથે સાંઠગાંઠ ધરાવતો યુસુફ સોરઠીયા થતાં તેમનો પરિવાર દિવસ-રાત માઈનિંગ ચોરી કરતા હોવાનું તંત્રને ખ્યાલ હોવા છતાં ઉના પીઆઈ ચૌધરી તથા ખાણ ખનિજ વિભાગ બંનેની મહેરબાનીથી આ આગેવાનને ખનિજ ચોરી કરવાની મજા પડી ગયેલ છે. જ્યારે એએસપી ઓમપ્રકાશ જાટ સિવાય આ માઈનિંગ ચોરી કરનારને કોઈ પકડી શકે તેમ નથી લાગતું એવું બધા જ બાતમીદારનું માનવું છે. જ્યારે બીજી બાજુ જાગૃત નાગરિક દ્વારા પીઆઈ ચૌધરી થતાં યુસુફ ગની સોરઠીયા વિરૂદ્ધ અરજી કરેલ હોવા છતાં આજદિન સુધી કોઈ તપાસ થયેલ નથી જ્યારે લોક મુખે ચર્ચાય રહ્યું છે કે, જ્યારથી ઉનામાં પીઆઈ ચૌધરી આવેલ છે ત્યારથી કાયદો અને વ્યવસ્થા કથળી ગયેલ હોવાનું લોક મુખે ચર્ચાય રહ્યું છે. પરંતુ આ પીઆઈ રાજકીય વગની સાથે ગાઢ સંબંધ રાખતો હોવાથી ઉના છોડીને જવાનું મન નથી થતું એવું નકારી શકાય નહિ.

જૂનાગઢ તાલુકાનાં સરગવાડાનાં પાટીયા પાસે પૈસાનાં મનદુ:ખે હુમલો : પોલીસ ફરીયાદ

જૂનાગઢ તા. ૯

જૂનાગઢ જોષીપરા પુજાપાર્ક જીનિયસ ખલીલપુર રોડ ઉપર રહેતા હાર્દિકભાઈ સીદાભાઈ બાબરીયા (ઉ.વ.૩૦)એ સાંગાભાઈ રબારી તેમજ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરીયાદીનાં શેઠનાં દિકરા રેનિશભાઈ ફાઈનાન્સનો ધંધો કરતા હોય અને તેમાં આ કામનાં આરોપી સાંગાભાઈ રબારીને પૈસાનાં હિસાબ બાબતે મનદુ:ખ ચાલતું હોય જેથી આરોપી સાંગાભાઈ રબારી ફરીયાદીનાં શેઠની દુકાને આવેલ તે દરમ્યાન ફરીયાદીનાં શેઠ દુકાને હાજર ન હોય જેથી સાંગાભાઈએ ફરીયાદીને તેના શેઠનો ફોન કરવાનું કહેતા ફરીયાદીએ સાંગાભાઈનો પોતાના મોબાઈલમાંથી ફોન કરવાનું કહેતા આરોપી ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદીને માર મારી લાકડી વડે ઈજા કરી ફેકચર કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા જૂનાગઢ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રવાસન ક્ષેત્રનું વિકાસનું દ્વાર એટલે આપણું જૂનાગઢ

વેલકમ ટુ જૂનાગઢનાં રૂડા આવકાર સાથે પ્રવાસી જનતાને ભાવભર્યુ નિમંત્રણ પાઠવે છે જૂનાગઢનાં અગ્રણી સ્થાનો

ગબ્બર શ્રી અંબે માતાજી


ગિરનાર પર્વત

ભવનાથ મંદિર

દામોદરકુંડ

વાઘેશ્વરી મંદિર

ગિરનાર રોપવે

ગાયત્રી મંદિર

દાતારબાપું


શેરનાથબાપું


ગુરૂ દતાત્રેય શિખર

જૂનાગઢ તા.૯

દત્ત અને દાતારની પાવનકારી ભૂમિ એવા જૂનાગઢ શહેર અને તેના રમણીય સ્થાનો, ઐતિહાસીક વિરાસતા અને ધાર્મિક પરંપરાની વાત જ નિરાળી છે. પંચરંગી પ્રજા અને કોમ કોમ વચ્ચે ભાઈચારો ભાઈબંધી અને કોમી એકતાની લાગણી જોવા મળે છે એવા જૂનાગઢ શહેરમાં આવેલા ઐતિહાસીક અને રમણીય સ્થળો પ્રવાસી જનતાને આ સોરઠી શહેરમાં વારંવાર આવવાનું આમંત્રણ આપી રહ્યા છે. વેલકમ ટુ જૂનાગઢનો નાદ ગુંજી રહ્યો છે અને તેના પડઘા ચોમેર ગુંજી રહ્યા છે. દેશના મહત્વના ધામો અને હિલ સ્ટેશનો કરતાં પણ અનેકગણું આકર્ષણ જૂનાગઢના વિવિધ સ્થળો ધરાવે છે અને એટલા માટે તો પ્રવાસન ક્ષેત્રના વિકાસનું પ્રવેશદ્વાર જૂનાગઢને માનવામાં આવી રહ્યું છે. અહીં છે સૌથી ઉંચો ગઢ ગિરનાર. જયાં ગિરનારની ટોચ ઉપર જગત જનની માં જગદંબા અંબા માતાજીના બેસણા છે તો સાથે જ ભગવાન ગુરૂદતાત્રેયની ટુંક આવેલી છે. ગૌમૂખી ગંગા, જૈન દેરાસરો વગેરે તો ખરા જ તેમજ એક તરફ દાતારના ડુંગર ઉપર દાતારબાપુ બિરાજે છે તો તળેટી જવાના રસ્તે વાઘેશ્વરી માતાજી, ગાયત્રી માતાજી મંદિર, રાધા દામોદરજી મંદિર, બેઠકજી, મુચકુંદ ગુફા આવેલ છે. ભવનાથ મહાદેવ સાક્ષાત બિરાજે છે. આવા પાવન પવિત્ર ભૂમિમાં વર્ષ દરમ્યાન શિવરાત્રી મેળો, પરીક્રમાનો મેળો, દાતાર બાપુનો ઉર્ષ, અંબાજી માતાનો પ્રાગટય દિન, દત્ત જયંતિ સહિતના ધાર્મિક પ્રસંગો ઉજવાતા રહે છે. લાખો ભાવિકો દર વર્ષે ભવનાથ અને ગિરનારની પવિત્ર ભૂમિમાં પધારે છે. ૩૩ કરોડ દેવતાઓનો જયાં વાસ છે. તેવા ગરવા ગિરનાર અને ભવનાથ ક્ષેત્રમાં સેવાભાવી સંસ્થા, ધાર્મિક સંસ્થાઓ દ્વારા ભાવિકોની સુવિધા માટે અન્નક્ષેત્રો અને પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. તળેટીમાં પ્રવેશતા જ લંબે હનુમાનજીનું મંદિર આવેલું છે. જયાં ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવે છે.

ધાર્મિક અને સંસ્કારી નગરી એવા જૂનાગઢ અને તેની તદન નજીક આવેલ ભવનાથ અને ગિરનાર ક્ષેત્રનું ખુબ જ મહત્વ છે. ગિરિમાળાની રમણીય પર્વતમાળાનો કુદરતી ખજાનો નયનોને ઠંડક આપે છે. આ ઉપરાંત ગિરનારની ટોચ ઉપર બિરાજતા માં અંબાના દર્શનનો લ્હાવો ભાવિકો લઈ શકે તે માટે એશિયાનો સૌથી મોટા રોપવે કાર્યરત થયો છે. દુર દુરથી પ્રવાસી જનતા જૂનાગઢ આવે છે અને રોપવેની રોમાંચક સફર માણી અંબા માતાજીના દર્શનનો લાભ લઈ ભાવ વિભોર બની જાય છે. ભવનાથ ક્ષેત્રનું આકર્ષણ લોકોને ખુબ જ રહે છે. આ ધાર્મિક સ્થળે સિધ્ધપુરૂષ, સંતો, ઓલિયાઓનાં દર્શનનો પણ લાભ ભાવિકોને મળે છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો શહેરની મધ્યમાં ભૂતનાથ મહાદેવ બીરાજે છે. ઉપરાંત બીએપીએસ અક્ષરવાડી સ્વામિ નારાયણ મંદિર આવેલ છે. જયારે જવાહર રોડ ઉપર ભગવાન સ્વામિ નારાયણના સ્વહસ્તે પધરાવેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો બિરાજે છે. સ્વામિ નારાયણ મુખ્ય મંદિરે ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવે છે. જૂનાગઢ શહેરમાં વાઘેશ્વરી માતાજીના બેસણા છે.

કૃષિ યુનિવર્સિટીમાં આવેલ ખોડીયાર માતાજી મંદિર, ખામધ્રોળ વિસ્તારમાં આવેલ ખોડિયાર માતાજી મંદિર તેમજ ઉપરકોટ ખાતે રા'નાવઘણના કુળદેવી ખોડિયાર માતાજીનું મંદિર આવેલ છે. આ ઉપરાંત શહેરમાં કાળભૈરવ દાદાનું મંદિર, શનિદેવ મંદિર, ચામુંડા માતાજી મંદિર, રાંદલ માતાજી મંદિર, મહાલક્ષ્મી માતાજી મંદિર, જલારામ મંદિર પણ આવેલા છે. આ થઈ ધાર્મિક સ્થળોની વાત હવે વિવિધ ફરવા લાયક સ્થળોની વાત કરીએ.

રાજાશાહી યુગ અને નવાબી શાસનકાળની અનેક સોનેરી યાદ તાજી કરનારા ઐતિહાસીક સ્થળો આવેલા છે. જેમાં ઉપરકોટનો સુપ્રસિધ્ધ કિલ્લો, મહાબત મકબરા, સંગ્રહાલય, સકકરબાગ પ્રાણી સંગ્રહાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટિ, અશોક શિલાલેખ સહીતના સ્થળો મુખ્ય ગણી શકાય. આ ઐતિહાસીક અને ફરવાલાયક સ્થળોએ દર વર્ષે લાખોની સંખ્યામાં પ્રવાસી જનતા મુલાકાતે આવે છે. ગુજરાત રાજયનું ઐતિહાસીક, રાજકીય, સામાજીક અને સાંસ્કૃતિક રીતે પણ જે ગુજરાતનાં આઠ મહાનગરપૈકીનું સૌથી શ્રેષ્ઠ સ્થળ છે એવા જૂનાગઢ શહેર પ્રવાસી જનતા માટે હોટ ફેવરીટ છે. એટલું જ નહી ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતનાં નવનિયુકત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પણ જૂનાગઢ શહેરનો વિકાસ કરવામાં રસ છે અને એટલા માટે તો જૂનાગઢ શહેરના ઐતિહાસીક સ્થળોનો વિકાસ કરવા અને તેના રીનોવેશન માટે માતબર રકમની ફાળવણી કરાઈ છે. ઉપરકોટ, મહાબત મકબરાના રીનોવેશનની કામગીરી પુરજોશથી ચાલી રહી છે. આ કામગીરી પૂર્ણ થતા જ જૂનાગઢની જનતાને ઉપરકોટ અને મહાબત મકબરાની ભેટ મળશે. આમ જૂનાગઢ શહેર આગામી દિવસોમાં પ્રવાસન ક્ષેત્રનું હબ બની જવાનું છે અને તેનો આનંદ જૂનાગઢ શહેરના વાસીઓને છે.